આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

Fortnightly E-Magazine
પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૧૧ • સળંગ અંક: ૩૫ • ૧૬ ઓગષ્ટ, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક
Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા





શ્રી કચ્છી લોહાણા મહિલામંડળ, વડોદરા દ્વારા પવિત્ર શ્રાવણ માસની ઉજવણી માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહેલ છે. બધા સાથે મળીને શ્રાવણ માસમાં પૂજા અર્ચના કરે તે માટે મંડળ દર વર્ષે કાર્યરત રહે છે તથા આ ધાર્મિક અનુષ્ઠાનોમાં બધા ઉત્સાહભેર જોડાતા પર હોય છે.

શ્રાવણના પવિત્ર મહિનાનાં ભગવાન શિવની ભક્તિ આરાધના કરવા શ્રાવણ માસ ના પહેલા સોમવારે તા.૨૮.૭.૨૫ ના રોજ શ્રીમતી રસીલાબેન કનુભાઇ ઠક્કરના નિવાસસ્થાને 'શિવમહિમ્ન સ્તોત્ર'નું પારાયણ કરવાનો કાર્યક્રમ કરવામાં આવેલ. આ પ્રસંગે બપોરે ૩ કલાકે દેવાધિદેવ મહાદેવની રૂદ્રાભિષેક પૂજાનું આયોજન કરવામાં આવેલ.

આ આયોજનમાં મહિલા મંડળની બહેનો ઉપરાંત જ્ઞાતિની બહેનોએ બહોળી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ. ભક્તિભય વાતાવરણમાં ૐ નમો શિવાય તથા હર હર મહાદેવની ધૂન બોલાવતા બધા ભક્તિમય થઇ ગયા હતા. સાંજે પ્રસાદ લઇ બધા છુટા પડ્યા હતા.

આગામી કાર્યક્રમમાં જન્માષ્ટમિ નિમીત્તે મહિલા મંડળ દ્વારા આગામી મંગળવાર તા. ૧૯.૮.૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે 'નંદ મહોત્સવ' નું અયોજન શ્રીમતી ચારૂબેન કોટક ના નિવાસ સ્થાન ભદ્રલોક, જુના પાદરા રોડ ખાતે કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા જ્ઞાતિની બહેનોને સુંદર વેશભૂષામાં તૈયાર થઇ કૃષ્ણ જન્મ, કૃષ્ણ ભજન, રાસ લીલા સહ નંદલાલાના જન્મને ઉજવવા આમંત્રણ આપવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ ફળાહાર પ્રસાદની વ્યવસ્થા છે.





# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ

YUVA MANCH



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવા મંચ દ્વારા વડોદરાના સર્વ જ્ઞાતિજનો માટે શુક્રવાર તા. ૧૫ ઓગસ્ટ-સ્વતંત્રતા દિવસના અવસરે ધ્વજ વંદનના કાર્યક્રમની સાથે સાથે એક 'લાઈફ ચેન્જીગ પ્રોગ્રામ' 'ફૂલ બોડી ચેકઅપ' કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

સૌ પ્રથમ સવારના ૮:૦૦ કલાકે કેડીઓ ભવનની અગાસીમાં સમાજના વડીલો તથા પદાધિકારીઓ, સમાજના જ્ઞાતિજનો તથા વિશેષમાં ભાયલી સંઘના સનતભાઇની હાજરીમાં આપણો રાષ્ટ્રિય ધ્વજ ફરકાવીને રાષ્ટ્રગીત 'જન મન ગણ...' દ્વારા તેને વધાવવામાં આવેલ.

ત્યારબાદ જલેબી ફાફડાની લિજ્જત માણ્યા બાદ મેડિકલ કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આની અંતર્ગત આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી એક ટીપું પણ લોહી આપ્યા વગર **WHO** દ્વારા પ્રમાણિત સિસ્ટમ મુજબ 'ફૂલ બોડી ચેકઅપ' કરવામાં આવેલ.

આપણા માનવ શરીરમાં **BMI (Body mass index)** (શરીરમાં ઊંચાઇના પ્રમાણમાં કેટલું વજન હોવું જોઇએ, ફેટનું પ્રમાણ) + **BMR (Basal Metabolic Rate)** (શરીરના બંધારણ મુજબ જરૂરી કેલેરીની જરૂરીયાત), ટોટલ બોડી ફેટ + હાઈડ્રેશન + પ્રોટીન + બોડી ફેટ એનાલીસીસ વિગેરેનું ચેકીંગ કરીને તેમને માર્ગદર્શન આપવામાં આવેલ.

કાર્યક્રમનું આયોજન યુવામંચના પ્રમુખ એડ. નિતિકા સંજય દંડના નેજા હેઠળ યુવા મંચના કાર્યકરો સાથે કરવામાં આવેલ. કેમ્પ માટે સમાજના હેલ્થ કોચ સેજલબેન ગોસર તથા અંકલેશ્વરથી આવેલ હેતલબેન સહ ૧૨ જણની ટીમે દરેક જણની વ્યક્તિગત રીતે ચેકીંગ કરીને માર્ગદર્શન આપેલ. કાર્યક્રમને સફળ બનાવતા આશરે ૧૫૦ જેટલા જ્ઞાતિજનોએ આ કેમ્પમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં સમાજના પ્રમુખ હિરેન્દ્રભાઇ મોતા, મંત્રી નરેન્દ્રભાઇ મોમાયા સહ મહિલા મંડળ તથા કારોબારીના સભ્યો લિલમભાઇ લાલકા, કેવલ વિકમશી, પ્રિતમભાઇ લાલકા ઉપરાંત અનેક જ્ઞાતિજનોની હાજરીમાં આ સફળ કાર્યક્રમનું આયોજન થયું હતું. કેમ્પનું સ્થળ શ્રી ક.દ.ઓ.જૈન સમાજનું માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા વિવિધલક્ષી 'કે.ડી.ઓ. ભવન' હતું.

















વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
ને
નિયમિત રૂપે
આપના
મોબાઈલ
પર મેળવવા
અહીં ક્લિક કરો



વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો
નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ
વોટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

# શ્રાવણ માસનું મહત્વ વધારતા ૧૨ જ્યોતિર્લિંગોની કથા

જગત કલ્યાણ હેતુ ભગવાન શિવ પૃથ્વી ઉપર કૈલાશમાં બિરાજમાન છે એમ બધાનું માનવું છે. ભારતમાં ૧૨ જ્યોતિર્લિંગરૂપે તે સાક્ષાત વિદ્યમાન છે અને પૂજનીય છે.

આ જ્યોર્તિલિંગોના નામો છે (૧) સોમનાથ, (૨) મલ્લિકાર્જુન, (૩) મહાકાલેશ્વર, (૪) અમ્લેશ્વર, (૫) કેદારનાથ, (૬) ભીમેશ્વર, (૭) વિશ્વનાથ, (૮) ત્ર્યંબકેશ્વર, (૯) વૈદ્યનાથ, (૧૦) રામેશ્વર, (૧૧) નાગેશ્વર અને (૧૨) ઘુશ્મેશ્વર.

આ બધાની કથા સંક્ષિપ્તમાં જોઇએ.

### (૧) સોમનાથ મહાદેવ:



આ કથાનો ઉલ્લેખ શિવપુરાણની કોટિરૂદ્રસંહિતાના અધ્યાયમાં જોવા મળે છે. ચંદ્રમા અન્ય પત્નીઓમાં ફક્ત રોહિણીના જ પ્રેમમાં ખોવાયેલા રહેતા ને અન્ય પર ધ્યાન ન દેતા પ્રજાપતિ દક્ષે તેમને ક્ષયરોગ થવાનો શ્રાપ આપ્યો તેથી રાત્રીના સમયે બધે અંધકાર છવાઇ જતા તેમાંથી બહાર નીકળવા ચંદ્રમાએ પ્રભાસક્ષેત્રમાં જઇ મહાદેવને પ્રસન્ન કર્યા. શિવજીએ તેમના શ્રાપને હળવો કરી ૧૫ દિવસ વધતો-ઘટતો કરી દીધો. ત્યારે બધાની પ્રાર્થનાને વશ થઇ મહાદેવ જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રભાસમાં બિરાજમાન થયા. શ્રીકૃષ્ણએ તેમના સમીપે દ્વારિકા નગરી વસાવી. સોમનાથ મહાદેવ માટે અનેક વીરોએ પ્રાણોનું બલિદાન આપ્યું છે. ભારત દેશ સ્વતંત્ર થયો ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલે જિર્ણોદ્ધાર કરાવેલ.

એક શિલાલેખ મુજબ આ મંદિર અને પૃથ્વીના દક્ષિણ ધ્રુવની વચ્ચે ફક્ત સમુદ્ર જ આવેલ છે કોઇ જમીન નથી. અનેક વિધ્વંસો સાતમી વખત આ મંદિરનું નિર્માણ થયું છે.

### (૨) મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ:

આંધ્ર પ્રદેશના શ્રી શૈલમમાં આવેલ આ જ્યોતિર્લિંગને દક્ષિણનું કૈલાસ કહેવાય છે. માં આવે છે. અહીં મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન ભગવાન શિવ છે. શિવપુરાણની રૂદ્રસંહિતાના વીસમા



અધ્યાય મુજબ જ્યારે શિવ -પાર્વતીએ તેમના પુત્રનું વિવાહ કરવાનું નક્કી કર્યું ત્યારે પ્રથમ વિવાહ કોના થશે તેના પર વિવાદ થતા જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલો પાછો આવશે તેના વિવાહ પ્રથમ થશે એમ નક્કી થયું. કાર્તિકેય તો મોર પર આરૂઢ થઇ નીકળી પડ્યાં અને શ્રી ગણેશે માતા-પિતાની પ્રદક્ષિણા વિશ્વની પ્રદક્ષિણા સમાન છે તે અનુસાર સાત વાર પ્રદક્ષિણા કરી લીધી. આમ રિદ્ધિ-સિદ્ધિના વિવાહ શ્રી ગણેશ સાથે થઇ ગયા. કાર્તિકેયને આની જાણ થતાં ક્રોધે ભરાઇને ક્રૌંચ પર્વત પર એકલા રહેવા લાગ્યા. શિવ-પાર્વતીને પુત્રનો વિયોગ થતા ભગવાન શિવ જ્યોતિસ્વરૂપ ધારણ કરી પર્વત પર વિરાજમાન થયા ત્યારથી આ શિવલિંગ મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના નામથી ઓળખાય છે. આ સ્થળ શ્રી શૈલમ તરીકે ઓળખાય છે જે આજના આંધ્રપ્રદેશ રાજ્યના કુરનૂલ જિલ્લામાં હૈદ્રાબાદથી ૨૨૦ કિ.મી.ના અંતરે આવેલ આ પર્વત પર ૫૦૦ મીટરની ઊંચાઇએ સ્થિત છે. એવી માન્યતા છે કે જે શ્રીશૈલમ પહાડીના દૂરથી પણ દર્શન કરી લે છે તેને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળી જાય છે. સદીઓથી આ મંદિરનું સાતવાહન, ચાલુક્ય, કાકતીય, વિજયનગર જેવા સામ્રાજ્યોના આશ્રય હેઠળ વિસ્તરણ થયું. અહીં હવે ભવ્ય મંદિર નિર્માણ થઇ ગયેલ છે.

### (૩) મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ:



વિખ્યાત મહાકાલેશ્વર મંદિર ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કિનારે છે. પુરાણોથી કાલિદાસની રચનાઓમાં પણ આ મંદિરનું મનોહર વર્ણન મળી આવે છે. આ એક સ્વયંભૂ અને દક્ષિણમુખી છે. આની પ્રાગટ્યની કથામાં અવંતી નગરીમાં શિવપૂજામાં આસક્ત બ્રાહ્મણ રહેતો હતો. ત્યાં રત્નમાલા પર્વત પર દૂષણ નામક અસુરથી બધા દુ:ખી હતા. ત્યારે આ બ્રાહ્મણ કુટુંબ શિવપૂજામાં મગ્ન રહેવા લાગ્યા. તેમની સાથે શ્રીકર નામનો એક ગોપબાળ પણ જોડાયો અને નાનકડા પત્થરની સ્થાપના કરી તેની પૂજા કરતો થઇ ગયો. અસુર જ્યારે સૌને મારી નાંખવા અહીં આવ્યો ત્યારે નાના શિવલિંગમાંથી ભોળાનાથ મહાકાલસ્વરૂપે પ્રગટ્યા ને ત્રીજું નેત્ર ખોલી ભસ્મ લગાડી દૈત્યનો અને તેના સૈન્યનો નાશ કર્યો. ત્યારથી ભોળાનાથ ઊંડા ખાડામાં બિરાજીને શિવલિંગ સ્વરૂપે જ પ્રકટ થઇ મહાકાલેશ્વર નામે જાણીતા થયાં. તે અહીં અવંતિકાનાથ તરીકે પૂજાય છે. અહીં રોજ પરોઢે ભસ્મ આરતી થાય છે. અહીં દર્શન કરવા માત્રથી અકાળ મૃત્યુથી મુક્તિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ કહેવાય છે.

### (૪) ઓમકારેશ્વર કે મમલેશ્વર મહાદેવ:

મધ્યપ્રદેશના શિવપુરીમાં સ્થિત ઓમકારેશ્વર અને અમલેશ્વર



નામક બે જ્યોતિર્લિંગની પૂજા થાય છે. આ એકમાત્ર જ્યોતિર્લિંગ છે જે નર્મદાના ઉત્તરી કાંઠે છે. અહીંનો નદીતટ ૐ આકારનો છે. દંતકથા અનુસાર ઓમકારેશ્વરના દર્શનની યાત્રા મમલેશ્વરના દર્શન કર્યા વગર પૂર્ણ થતી નથી. શ્રદ્ધાળુઓ અહીં જળમાર્ગે નર્મદાના નીરને નિહાળતા અને અદભુત પ્રાકૃતિક સૌંદર્યને માણતા દર્શનાર્થે પહોંચે છે. મંદિરના ગર્ભગૃહમાં મહેશ્વરના અત્યંત દિવ્યરૂપના દર્શન થાય છે.

આ જ્યોતિર્લિંગના પ્રાગટ્યની કથા અનુસાર નારદમુનિ જ્યારે ગિરિરાજ વિંધ્ય પર આવ્યા ત્યારે વિંધ્યાચળે નારદજીનું પૂજન કર્યું ત્યારે મનમાં ગર્વથી વિચાર્યું કે અહીં કોઇપણ વાતની કમી નથી. નારદમુની એમના અભિમાનને પામી ગયા અને કહ્યું કે હે રાજન મેરૂ પર્વત તમારાથી બહુ ઊંચો છે. તમે ત્યાં સુધી પહોંચી શકે તેમ જ નથી. નારદમુનિ તો ચાલ્યા ગયા પણ વિંધ્યરાજને જીવન વ્યર્થ લાગવા માંડ્યું. તેમણે ભગવાન શિવની અખંડ તપસ્યા કરી મહેશ્વરને પ્રસન્ન કર્યા. તેમણે તેમને માનસિક પરિતાપથી મુક્તિ અપાવી ને પછી આ ભૂમિ પર જ સ્થિર થઇ ગયા તે ઓમકાર પર્વતને કારણે ઓમકારેશ્વરના નામે ઓળખાયા. કહે છે કે દેવતાઓની પ્રાર્થનાને વશ થઇ મહાદેવે આ ભૂમિ પર બે સ્વરૂપ ધારણ કર્યા હતા. જેમાંથી મુખ્ય ઓમકાર નામથી પ્રસિદ્ધ થયું, જ્યારે બીજું મમલેશ્વર નામથી ખ્યાત થયું. એ જ કારણ છે કે અહીં આ બંન્ને શિવલિંગના દર્શન બાદ જ જ્યોતિર્લિંગ દર્શનની યાત્રાના પૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.

### (૫) કેદારનાથ :

ઉત્તરાખંડમાં હિમાલયની તળેટીમાં આવેલ કેદારનાથ ભગવાન શંકરનું વિશેષ સ્થાન છે. અહીં તેમની શાશ્વત સ્વરૂપના પ્રતીક તરીકે પૂજા કરવામાં આવે છે. મંદાકિની નદીને કિનારે આવેલ આ ધામ હવામાનની વિષમતાના તથા દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે અક્ષયતૃતિયાથી કારતકી પુનમ સુધી જ દર્શન માટે ખુલ્લું રહે છે. ત્યારબાદ ભગવાનને ઉખીમઠ ખાતે પૂજન અર્ચન અર્થે લાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર હિમાલયના કેદાર નામક શ્રૃંગ પર નર ને નારાયણ ઋષિ તપસ્યા કરતા હતા. તેમની આરાધનાથી પ્રસન્ન થઇ ભગવાન શંકરે પ્રગટ થઇ જ્યોતિર્લિંગના રૂપમાં અહીં રહેવાનું વરદાન આપ્યું. આ મંદિર સૌ પ્રથમ પાંડવોએ બનાવડાવ્યું હતું પરંતુ સમયની સાથે તે લુપ્ત થઇ ગયું. મહાભારતના યુદ્ધ બાદ પાંડવો પ્રાયશ્ચિત કરવા ભગવાન શિવની શોધમાં અહીં આવતા હતા ત્યારે શિવજી તેમને દોષિત માની મળવા માંગતા ન હતા. પાંડવો અહીં પહોંચ્યા શિવજી

## શ્રાવણ માસનું મહત્વ વધારતા ૧૨ જ્યોતિર્લિંગોની કથા



પ્રાણીસ્વરૂપ બની ગયા. પાંડવોને ખબર પડી કે પ્રાણીઓના ટોળામાં શંકર છે. ત્યારે ભીમે તેમને બળદના રૂપમાં ઓળખી લીધા. ભીમે બળદના રૂપમાં રહેલ શિવના ખૂંધનો ભાગ પકડી લીધો, જે અહીં ખડક બનેલ છે એટલે માટે કેદારનાથ ધામમાં ભગવાન શંકરના પાછળના ભાગની પૂજા કરવામાં આવે છે. પાંડવોની ભક્તિ જોઇ શિવજીએ તેમને પાપોમાંથી મુક્ત કરી દીધા. ૮મી સદીમાં આદિ શંકરાચાર્યે એક નવા મંદિરનું નિર્માણ કરાવ્યું જે ૪૦૦ વર્ષ સુધી બરફમાં દબાયેલ રહ્યું. કેદારનાથ ધામ દરેક બાજુએથી પહાડો ઘેરાયેલું છે.

અહીં પાંચ નદીઓનો પણ સંગમ થાય છે. અહીં દર્શન પહેલા ગૌરીકુંડમાં સ્નાન કરવાનો નિયમ છે. એવું કહેવાય છે કે જ્યારે મંદિરના દરવાજા બંધ હોય છે ત્યારે ભગવાન ભૈરવ આ મંદિરની રક્ષા કરે છે. ૬ મહિના સુધી મંદિર આસપાસ કોઇ નથી રહેતું પરંતુ અખંડ દીવો ૬ મહિના સુધી પ્રજ્વલિત જ રહે છે ! મંદિરની અંદર અંધકાર હોય છે અને દીપના અજવાળે ભગવાન શિવજીના દર્શન થાય છે. શિવલિંગ સ્વયંભૂ છે. અહીં જવા માટે સડક માર્ગ ઉપલબ્ધ નથી. આથી પગપાળા કે ઘોડા પર સવાર થઇ કે ડોળી દ્વારા જવું પડે છે.

(૬) ભીમાશંકર :



મહારાષ્ટ્રના પુણે શહેરથી લગભગ ૧૧૦ કિ.મી. ઉત્તર-પશ્ચિમે, ગાંવખેડાથી ૫૦ કિ.મી.ના અંતરે સહ્યાદ્રિ પર્વતમાળામાં આરૂઢ છે ભોળાનાથનું ધામ ભીમાશંકર જ્યોતિર્લિંગ. આ સ્થળેથી ભીમા નદી નિકળીને આગળ કૃષ્ણા નદી સાથે મળી જાય છે. એક વસ્તુ નોંધનીય છે કે બાર જ્યોતિર્લિંગોમાંથી પાંચ મહારાષ્ટ્રમાં સ્થિત છે. આ સ્થાન ૩,૨૫૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત છે. શાસ્ત્રો મુજબ દેવોના અનુરોધથી ભગવાન શિવે ભીમાશંકરના રૂપે સહ્યાદ્રી પર્વતમાળા ઉપર નિવાસ કર્યો હતો. કથા મુજબ અહીં ભીમા નામનો એક રાક્ષસ હતો. ભીમા કુંભકર્ણનો પુત્ર હતો. ભીમા ભગવાન રામને પોતાના પિતાની હત્યાના દોષી માની બદલો લેવા સૌથી શક્તિશાળી બનવા તપ દ્વારા બ્રહ્માજીને પ્રસન્ન કરી વર માગી લઇ ચોતરફ હાહાકાર મચાવવા લાગ્યો ત્યારે આસામના કામરૂપ પ્રદેશ પર કબ્જો કરી ત્યાંના રાજા સુદક્ષિણ જેઓ ભગવાન શિવના પરમ ભક્ત હતા તેમને પકડી જેલમાં નાખી દીધા. ત્યાં રાજાએ માટીથી શિવલિંગ બનાવી પૂજા કરવાનું શરૂ કરતા રાક્ષસ ક્રોધાયમાન થઇ શિવલિંગ પર વાર કરતા તેમાંથી શિવ સ્વયં પ્રગટ થયા ને ભીમાને મારી તેના અત્યાચારથી બધાને મુક્ત કર્યા. દેવતાઓની પ્રાર્થના સ્વિકારી ભગવાન શિવ લિંગ સ્વરૂપે પ્રસ્થાપિત થયા. ત્યારથી આ સ્થળનું નામ ભીમાશંકર પડી ગયું છે. અહીં મંદિર પ્રાંગણમાં આવેલ કુષારણ્ય કુંડને ભીમ નદીનું ઉદગમસ્થાન પણ માનવામાં આવે છે. આ મંદિરનું નિર્માણ ૧૩મી સદીમાં થયું હતું અને સભામંડપ ૧૮મી સદીમાં નાના ફડનવીસે બંધાવેલ. મરાઠા શાસક શિવાજી આ મંદિરની પૂજા અર્ચના માટે ફાળો મોકલતા. અહીંના પટાંગણમાં આવેલ રોમન શૈલીનો ઘંટ ચીમાજી અપ્પા (બાજીરાવ પેશ્વા પ્રથમના ભાઇ) અને નાનાસાહેબ પેશ્વાના કાકા) દ્વારા ભેટ અપાયો છે જે મરાઠાઓના પોર્ટુગીઝ સામેના યુદ્ધના વિજય પછી વસઇના કિલ્લામાંથી મેળવેલ બે ઘંટમાંનો એક છે બીજો વાઇ નજીક આવેલ મેનોવાલી શિવ મંદિરમાં છે. અહીં તમને હીલ સ્ટેશન જેવો અનુભવ થશે. અહીં આવવાનો સૌથી આદર્શ સમય ઑગસ્ટથી ફેબ્રુઆરી છે.

Kala Craft
Traditional & Creative Craft Collection


Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211


વડોદરાના કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...
કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ
કચ્છ કોઠારા- વડોદરા

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/– એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/–

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX
### Advertise Rate

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Danteswer Main Road, Vadodara 390009, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar Main Road, Vadodara - 390009.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/– માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/– માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૯૮/– માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઇન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| FULL PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 2,000 | 10,000 |

| HALF PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 1,000 | 5,000 |

| QTR. PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 500 | 2,500 |

DISPLAY AD
1 YEAR
1,000

વડોદરાના કચ્છીઓનું **સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| FULL PAGE (2000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 10,000 | 18,000 |

| HALF PAGE (1000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 5,000 | 9,500 |

| QTR. PAGE (500 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 2,500 | 4,500 |

| DISPLAY Ad (250 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી *4.6 + rated on E- survey*
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)


| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |


*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

# હિન્દી સિનેમાના દેશભક્તિના ગીતો

(સંકલન નવીન પટેલ : સંદર્ભ thefederal.com ના લેખ તથા ભારતીય સિનેમાની લગતી વીકીપિડીયામાંથી ઉપલબ્ધ)













ભારતને આઝાદી મળી તે અગાઉથી જ ભારતીય સિનેમાએ ખાસ કરીને હિન્દી સીનેમાએ ભારતીયોને દેશ સાથે જોડવા જે પ્રયત્નો કર્યા છે તેનો ખ્યાલ ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ આપેલ ગીતોથી પ્રદર્શીત થાય છે. હિન્દી સિનેમાના દેશભક્તિના ગીતોએ આપણા હૃદયને હંમેશા ઉત્તેજીત કર્યા છે. આવા ગીતો દ્વારા લોકોમાં દેશભક્તિની ભાવના વધતી રહે છે અને તે માટે ભારતીય સિનેમાએ પેઢી દર પેઢીએ કામ કરેલ છે.

સ્વતંત્રતા દિવસની ઉજવણી હોય કે ૨૬મી જાન્યુઆરીની પરેડ, દિવાળી કે નવરાત્રીની ઉજવણી હોય કે ઉત્તરાયણનો માહોલ. ચૂંટણીનો પ્રચાર કરતા કાર્યકરો હોય કે કોઇ લોકનાયકની તિથિ ઉજવતા લોકોનો સમુહ, ભારતની ગલીઓમાં, ધાબાઓ પર, શાળાની છત પર, સ્કુલોના મેદાનો કે નેતાઓને સ્ટેજ પર મોટા મોટા લાઉડ સ્પીકરોમાંથી કે ક્યાંક ડીજે સિસ્ટમમાંથી એક પાવન પવિત્ર ધુનની માફક ગુંજતા દેશભક્તિના ગીતો આપણા દિલોદિમાગને દેશદાઝથી ભરતા આવ્યા છે.

૧૫મી ઓગષ્ટ આવે એટલે આગલા દિવસથી આ માહોલ બનવાની શરૂઆત થઇ જાય. આનંદ મઠના 'વંદે માતરમ...' થી લઇને એ.આર.રહેમાનના 'મા તુઝે સલામ...' સુધી, વર્ષોથી આવા અનેક ગીતો સ્વતંત્રતા દિવસના ચિત્રમાં રંગો પૂરતા ગયા છે અને જાણે ભારતની દેશભક્તિના પ્રતિમાત્મક વિકલ્પો બની ઉભર્યા છે. ચાલો એક સફર કરીએ આ ગીતોના ઇતિહાસની સાથે.

૧૫ ઓગસ્ટની પૂર્વસંધ્યાએ હવામાં પરોઢથી આવા અનેક સૂરો વહેતા થાય છે. લતા મંગેશકરના દદભર્યા અવાજમાં 'અય મેરે વતન કે લોગોં...', મહેન્દ્રકુમારના પહાડી અવાજમાં 'મેરે દેશ કી ધરતી...', ઇકબાલનું 'સારે જહાં સે અચ્છા...' રફીનું 'કર ચલે હમ ફિદા...' આપણામાં સ્વાભાવિક રીતે ઉત્સાહની ઉર્જા ઉમેરતા જાય. ૧૫મી તારીખની સવારથી આવા ગીતો વહેલી પરોઢથી શરૂ થાય. શરૂઆતમાં નરમ જાણે ગલીઓને જાગૃત કરતા હોય પછી ધીમે ધીમે વધતા જાય અને દરેક ખૂણો એક જ ટાંકણે લખાય... 'વંદે માતરમ... વંદે માતરમ...'

આમાંના ઘણાં ગીતો નવા હોય તો કેટલાક વર્ષો જુના લોકમોઢે ચઢેલા, ક્યાંક ત્રાડ પાડતા તો કોઇક દિલના ખૂણાને ભીંજવતા દરેક ભારતીયના ધબકારાની આસપાસ ફરતા રહે છે.

જ્યારે ભારત હજી બ્રિટિશ શાસન હેઠળ હતું ત્યારે ફિલ્મોમાં દેશભક્તિના ગીતો સામેલ કરી સ્વતંત્ર ભારતની વાત કરવી કેટલી અઘરી હશે. આઝાદી પહેલાના કેટલાક ગીતો વિશે વાત કરીએ:

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે વસાહતી શાસનનો અંત લાવવા માટે ઓક્ટોબર ૧૯૩૭માં વંદે માતરમને ભારતના રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવેલ જે પાછળથી ફિલ્મોમાં પણ આવેલ. જો કે 'વંદે માતરમ...' સૌ પ્રથમવાર ૧૮૯૬માં કલકત્તા ખાતે રવીન્દ્રનાથ ટાગોરના મુખે ગવાયું હતું.

૧૯૪૧માં નયા સંસાર ફિલ્મના ગીત 'એક નયા સંસાર બસા લેં...' ને દેશભક્તિનું પ્રથમ ગીત ગણી શકાય. તેની સાથે એજ વર્ષે આવેલ 'ચલ ચલ રે નૌજવાન...' જેવા કવિ પ્રદીપના આ ગીતો કેવી રીતે બ્રિટિશ સેન્સર બોર્ડને પાર કરી ગયા એ આશ્ચર્યજનક ઘટના ગણાય છે.

૧૯૪૩માં સેન્સર બોર્ડથી બચવા પ્રદીપે 'તુમ ના કિસે કે આગે ઝુકના જર્મન હો યા જાપાની...' જેવા શબ્દો વાપરી તેમના દેશભક્તિથી ભરપૂર ગીત 'દૂર હટો અય દુનિયાવાલોં હિન્દુસ્તાં હમારા હૈ...' (કિસ્મત)ને ખૂબ જ લોકપ્રિય બનાવ્યું.

આપણું રાષ્ટ્રગીત 'જન ગણ મન અધિનાયક જય હે...' એક ગીત તરીકે ૧૯૪૫માં ફિલ્મના પડદા પર દેખાયેલ. એ ફિલ્મ 'હમરાહી' બિમલ રોયની પ્રથમ હિન્દી ફિલ્મ હતી.

આઝાદી પછીના વર્ષોમાં હિન્દી સિનેમાએ તેના ગીતોમાં રાષ્ટ્રના અનેક સામાજીક પાસાઓ જેવા કે સ્વતંત્રતા, દેશભક્તિ, શહાદત, દેશદાઝને પ્રતિબિંબિત કર્યા. 'વતન કી રાહ મેં વતન કે નૌજવાં શહીદ હો...' (શહીદ, ૧૯૪૮) એ કદાચ આઝાદી પછીનું પહેલું દેશભક્તિથી ભરપૂર ગીત રહ્યું. આનંદ મઠ (૧૯૫૧)માં થયેલ 'વંદે માતરમ...'ની રજુઆત જે અંદાઝથી કરવામાં આવી તે દેશની ભાવનાઓને વ્યક્ત કરવા નિમિત્ત બન્યું. આ ફિલ્મના ડાયરેક્ટર હેમેન ગુપ્તાએ બનાવેલ કાબુલીવાલા (૧૯૬૧)નું ગીત 'અય મેરે પ્યારે વતન...' દેશપ્રેમથી ભરપૂર ગીત છે.

દેશના ભાગલા પડ્યા બાદ રાષ્ટ્રને સાથે બાંધવાના પ્રયાસોમાં પર ૫૦-૬૦ના દાયકામાં ફિલ્મી ગીતોએ અનન્ય ભાગ ભજવ્યો છે. આમાં ૧૯૫૭માં આવેલ નયા દૌરના રફીના ગીત 'સાથી હાથ બઢાના...' કે 'યે દેશ હૈ વીર જવાનોંકા...' તો ૧૯૬૦ના દાયકામાં આવેલ શહીદના ગીત 'અય વતન, અય વતન, હમકો તેરી કસમ...' સાંભળતી વખતે આજે પણ રુંવાટી ખડી થઇ જાય છે. આ ફિલ્મનું 'મેરા રંગ દે બસંતી ચોલા...' એક શક્તિશાળી દેશભક્તિ ગીત છે.

કૈફી આઝમી લિખિત હકીકત ફિલ્મનું 'કર ચલે હમ ફિદા...' (૧૯૬૪)નું ગીત ચીનના યુદ્ધને તાદશ કરે છે. તો ૧૯૬૫માં આવેલ સીકંદરે આઝમનું ગીત એક અનેરું રાષ્ટ્રીય બની ગયું- 'જહાં ડાલ ડાલ પર સોને કી ચિડીયા...'

ત્યારબાદ નવા બદલાતા ભારતમાં હિન્દી સિનેમાએ દેશભક્તિ, નવા સંઘર્ષોની ગાથા ગાતા ગીતો આપ્યા. આદર્શ ભારતીય 'ભારતકુમાર' એટલે કે મનોજ કુમારની ફિલ્મોએ અનેક અદભૂત ગીતો આપ્યા જેમાં 'મેરે દેશ કી ધરતી...', 'કસ્મે વાદે પ્યાર વફા સબ...', 'હૈ પ્રીત જહાં કી રીત સદા...' 'દુલ્હન ચલી...' ખાસ ઉલ્લેખનીય છે.

ત્યારબાદ ૮૦ ના અંતથી ૯૦નો દાયકો કલર ટીવી, સેટેલાઇટના આગમન સાથે બધું બદલ્યું. નવી વિચારધારા સાથે દેશભક્તિના નવા રૂપ દેખાયા. ૧૯૯૭માં સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ પર, એ. આર. રહેમાનના 'મા તુઝે સલામે...' નવી રાહ દેખાડી. એવું લાગ્યું કે દેશ નવી રાહ પર જઇ રહ્યો છે. 'વંદે માતરમ...'ને પણ એક એવી તરજ પર રજુ કર્યું કે નવી પેઢીનું ધ્યાન પણ ખેંચાયું.

ત્યારબાદ ૧૯૯૯માં આવેલ બોર્ડરના 'સંદેશે આતે હૈ...' જબરી લોકપ્રિયતા મેળવી, ૨૦૦૪માં આવેલ વીરઝારાનું 'ઐસા દેશ હૈ મેરા...' અને 'ચક દે ઇન્ડીયા...' અલગ પ્રકારના દેશભક્તિથી ભરપૂર ગીતો રહ્યા.

એ સમય હતો જ્યારે ફિલ્મોમાં વાર્તાઓની સાથે દેશભક્તિ વણાઇ. સ્વદેશ (૨૦૦૪)માં જાવેદ અખ્તરના શબ્દો 'યે જો દેસ હૈ તેરા...' એ દેશ પ્રત્યેના પ્રેમને દર્શાવવા માટે જાણે નવો સાઉન્ડટ્રેક આપ્યો. જાવેદ અખ્તરે દેશભક્તિના ઘણા ગીતો આપણને આપ્યા જેમાં 'આઇ લવ માય ઇન્ડિયા...', 'રંગ દે બસંતી...', 'કસુમ્બી... (ફિલ્મ:પરમાણુ ), 'મેરા રંગ દે બસંતી ચોલા...', 'તેરી મિટ્ટી...', 'અયે વતન વતન મેરે અબાદ રહે તું...' મુખ્ય છે.

એ ઉપરાંત આ ટ્રેન્ડ ચાલુ જ રહેલ છે. દેશભક્તિને વ્યક્ત કરતા અનેક ગીતો આવતા જ રહે છે જેવા કે મેઘના ગુલઝારની રાઝી (૨૦૧૮) માં 'એ વતન...', ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઇકનું 'ચલ્લા, મૈં લડ જાના...'

આજે પણ આપણને શાળાના દિવસોથી વતનની યાદ અપાવતા અનેક ગીતો અને સેંકડો સૂરોને ફિલ્મોએ જોડ્યા છે. જ્યારે આપણે 'મેરી દેશ કી ધરતી...' કે 'યે જો દેસ હૈ તેરા...' કે 'મા તુઝે સલામ...' સાંભળીએ છીએ ત્યારે ૧૫મી ઓગસ્ટની ભીની સવારે શાળામાં એકસાથે ઊભા રહીને ગાતા ' જન ગણ મન...'ને યાદ કરતા ક્યારેય કોઇએ પૂછ્યું નથી કે 'લાઇનમાં કોણ ઉભું છે કે તેઓ કયા ધર્મના છે ?' જય હિન્દ.

લેખકનો પરિચય: શ્રી યશવંતભાઇ ચાડ(મુંબઇ) BCCIના ઑફિસીયલ સ્કોરર છે અને આજે ૮૦+ ની ઉંમરમાં પણ સક્રિય છે. તેમના અનુભવો, રસપ્રદ કિસ્સાઓ, ક્રિકેટની અનોખી અને અનસુની વાતો આપણને આ લેખોમાં જોવા મળશે.

# ઇંગ્લેન્ડનો પ્રવાસ અને વિશ્વના શ્રેષ્ઠ કોમેન્ટરર જહોન આરલોટ સાથે ઉડતી મુલાકાત

ઇંગ્લેન્ડના સંસ્મરણોની વાત કરતા આપણે ૭૦ થી ૯૦ના દાયકાની વાત કરી રહ્યા છીએ.

એ વખતે વિદેશના પ્રવાસ દરમિયાન ત્યાંની કાઉન્ટી ટીમ સામે ત્રણ દિવસીય મેચો રમાય એ પણ પ્રથમ કક્ષાની મેચો ગણાતી. ટેસ્ટ સીરીઝ શરૂ થાય એ પહેલા આવી મેચોનું આયોજન કરવામાં આવતું જેથી પ્રવાસી ટીમને ત્યાંની આબોહવામાં રમવાનો મહાવરો મળતો ને પ્રવાસી ટીમને જાત અનુભવ મળે.

ભારતની પ્રથમ મેચ નોર્ધમ્પટન કાઉન્ટી સામે હતી જેમાં કપિલ દેવે ઝડપી સદી ફટકારી પ્રવાસમાં પોતે શું કરશે એના એંધાણ આપી દીધા. આજ નોર્ધમ્પેટનશાયર કાઉન્ટીમાંથી ઇંગ્લીશ બેસ્ટમેન લેમ્બ, પીટર વિલી (જે પછી ટેસ્ટ અમ્પાયર પણ બનેલા) રમતા હતા અને કપિલદેવે આજ કાઉન્ટી સાથે ૧૯૮૧થી રમવા કરાર કર્યા એનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય.

મારે જ્યાં મેચ રમાતી હોય ત્યારે ટીમના સ્કોરર તરીકે મેચનું સ્કોરિંગ કરવાની જવાબદારી હતી. ભારતીય પ્રવાસી ટીમ અને કાઉન્ટી વચ્ચે થતી ત્રણ દિવસીય મેચોમાં સ્કોરિંગ કરવાનું રહેતું અને મેચ પૂરી થાય ત્યારે બધી માહિતી આપી સહી કરીને 'સ્કોર શીટ' આપવી પડતી. તમને જાણીને નવાઇ લાગશે કે ખેલાડીઓના ડ્રેસિંગરૂમ, અમ્પાયર્સ માટેના અમ્પાયર્સ રૂમની જેમ સ્કોરરો માટે પણ એક અલાયદો કાચના ગ્લાસની બારીવાળો રૂમ રહેતો, જેમાં બેસતા સ્કોરરો મેચ અંગેની નાનામાં નાની ઝીણવટવાળી માહિતી ઇન્ટરકોમના માધ્યમથી પત્રકારોની આપવા તત્પર રહેતા.

આમ અમે અલાયદી કેબિનમાં બેસતા અને ઇંગ્લેન્ડમાં તો સૂટ, સ્વેટર અને છત્રી વિ. દરેક મોસમમાં હાથવગે રાખવા જ પડે. નોર્ધમ્પેટનશાયર સામેની મેચમાં હું સ્કોરરની કેબિનમાં બેઠો હતો પણ અમારી કેબિન બંધ હોવાથી મને ગરમી થવા માંડી અને ત્યારે મેદાન પર ક્રિકેટરો સ્વેટર પહેરીને રમતા જોઇ આશ્ચર્ય થયું. જ્યારે લંચ બ્રેકનો સમય થયો ત્યારે અમે બન્ને સ્કોરરોએ કેબીનમાંથી બહાર નીકળી લંચ લેવા પેવલિયન તરફ ચાલવાની તૈયારી કરી. લંચમાં ૪૦ મિનિટના સમયમાં મેદાનમાં એક છેડેથી બીજે છેડે પેવિલિયન સુધી પહોંચવા આશરે ૯૦-૧૦૦ વારનું અંતર કાપવું પડતું જેમાં ખાસ્સી ૫-૭ મિનિટ થઇ જાય.

અમારી કેબિનનો દરવાજો ખોલી બહાર આવતા મારા સાથીએ કહ્યું કે, 'ચાલો ! લંચનો સમય થઇ ગયો છે, મોડું થશે.' પણ આ શું ? હું તો ચાલી જ નહોતો શકતો, બલ્કે એવી ધ્રુજારીભરી ઠંડીમાં જાણે કે થીજી ગયો હતો. અમારા સ્કોર બોક્સમાં ગરમી થતી હોવાથી સ્વેટર અને કોટ ઉતારી નાખેલ અને હવે ચાલી શકવાનું તો બાજુમાં રહ્યું, ધ્રુજારીના લીધે બોલી જ ન શક્યો, મોઢું પણ ખોલી જ ના શક્યો. આ જોઇ સાથી સ્કોરર હસી પડ્યો અને કેબિનમાંથી સ્વેટર, હાથના મોજા, કોટ લઇ આવ્યો. બધું પહેર્યા બાદ જ હું ચાલી શક્યો. ત્યારે ટ્યુબલાઇટ થઇ કે ખેલાડીઓ સ્વેટર પહેરી શા માટે મેદાન પર ઉતર્યા હતા ! હવે ખબર પડી કે ઇંગ્લિશ વેધર કોને કહેવાય. અહીં ઘણી કેબીનોમાં હીટરની પણ વ્યવસ્થા હતી તેનો ઉલ્લેખ કરવો રહ્યો.

મેચ શરૂ થતા પહેલા હું સ્કોરબોક્સમાં બેઠો હતો ત્યારે મને એક અતિ મધુર અવાજમાં મારા નામ 'યશવંત' થી મને બોલાવનારનો અવાજ બહુ જ પરિચિત જણાયો. પરદેશમાં લંડનમાં મારા નામથી મને કોણ બોલાવે એ હજુ વિચારું ત્યાં તો સામે ઊભેલી વ્યક્તિને જોઇ હું આશ્ચર્યથી આનંદમાં ગરકાવ થઇ ગયો. અવાજ જાણે મોઢામાં અટકી ગયો કારણ કે એ બોલનાર ક્રિકેટ જગતના મશહૂર કોમેન્ટરર જહોન આરલોટ હતા, જે તેમના મખમલી અવાજ અને ક્રિકેટના જ્ઞાન માટે જગમશહૂર હતા.

રનીંગ કોમેન્ટ્રીમાં શું શું ને કઇ રીતે બોલવું, એ શીખવું હોય તો એ માટે જહોન આરલોટને ગુરૂ બનાવવા પડે સાથે સાથે 'વાઇનના ટેસ્ટ' માટે પણ તેઓ અભિપ્રાય આપવામાં મશહૂર થયા હતા.

જહોન આરલોટ અમારી કેબિનમાં જે પહેલા માળે હતી ત્યાં ઉપર આવ્યા અને મને મારું નામ લઇ બોલાવ્યો એ મારા માટે આશ્ચર્યકારક હતું. તે મને પૂછતા હતા કે, 'યશવંત, કેન યુ કન્ફર્મ ધેટ....' કરીને કપિલદેવે દિલીપ ટ્રોફીમાં હેટ્રિક લીધી હતી કે નહીં તથા ટીમ અંગે અન્ય માહિતી તેમને જોઇતી હતી.

મેં પણ આદરપૂર્વક નમસ્કાર કરી હાથ મિલાવ્યા. એમના પ્રશ્નોના જવાબ આપતા આપતા એમના હસ્તાક્ષર મેળવ્યા અને એમનો સંગાથે ફોટો પડાવવા વિનંતી કરી જે તેમણે સ્વીકારી એનો શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી.

આ જ જહોન આરલોટે ઇંગ્લેન્ડ સામેની બર્મિંગહામમાં રમાયેલ પ્રથમ ટેસ્ટ મેચમાં જ્યારે બાયકોટે લોંગ ઑફ તરફ બાઉન્ડ્રી ફટકારી ત્યારે રેડિયો કોમેન્ટ્રીમાં કહ્યું કે, ***'ball is travelling towards long off were Indian scorrer Yashwant is scoring...'*** આ સ્વપ્નમય અવાજની કાશ રેકોર્ડિંગ મારી પાસે હોત તો ! એ જમાનામાં મોબાઇલ અસ્તિત્વમાં નહોતા એનું દુઃખ આજે પણ થાય છે.

હવે તમને બધાને પ્રશ્ન થતો હશે કે ઇંગ્લેન્ડના જ નહીં પરંતુ વિશ્વના શ્રેષ્ઠ કોમેન્ટ્રેટરે મારું નામ જાણ્યું ક્યાંથી? હું પણ તે વખતે અચંબામાં પડી ગયેલ પણ પછી મને ખ્યાલ આવ્યો કે તેમણે 'સ્કોર કાર્ડ' જોયું હશે તેમાં મારું નામ વાંચી મને 'યશવંત' કરીને બોલાવ્યો હશે.

ત્યારે ઇંગ્લેન્ડમાં એક પ્રથા હતી અને કદાચ હજુ છે કે દરેક ઓફિસીયલ મેચની તારીખ, મેદાનનું નામ, બંને ટીમોના ખેલાડીઓના નામ, નિયમો ઉપરાંત મેચના અમ્પાયરો તથા (હવે તમે બરાબર સમજી ગયા !) બે સ્કોરરોના નામ પણ 'સ્કોર કાર્ડ' માં છપાય. ભારતીય ટીમના સ્કોરર તરીકે મારું નામ વાંચીને આરલોટે મને મારા નામથી બોલાવેલ.

વાચક મિત્રો, ક્યારે પણ ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડો તો ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં જાઓ તો ૧૯૮૬માં રમાયેલ ઇંગ્લેન્ડ વિરુધ્ધ ભારતની ટેસ્ટમેચનો 'સ્કોર કાર્ડ' જોજો જે કપિલ દેવની ભારતીય ટીમે જીતી હતી. એ મેચના સ્કોરકાર્ડમાં આ યોર્સ ફેઇથ ફૂલી યશવંત ચાડનું નામ જરૂરથી વાંચશો. તો વધુ માહિતી આગામી અંકોમાં...

---

## સંદેશ — વડોદરાની આજ અને કાલ... — સંસ્કારી નગરી

લેખક પરિચય: દેવલ શાસ્ત્રી એક જાણીતા કટાર લેખક છે. 'સંદેશ'માં આવતી કોલમ 'મારું વડોદરા' માંથી લેખ સંક્ષિપ્તમાં સાભાર લીધેલ છે.

## 'શ્રી સયાજીરાવ ગાયકવાડની આ વાતો જાણવા જેવી છે...'

૨૨ ફેબ્રુઆરી, ૧૯૩૮માં એક વક્તવ્યમાં સયાજીરાવે કહ્યું હતું કે, 'તેઓ વિદેશપ્રવાસ પરથી પેલેસમાં આવ્યા હતા. મહેલમાં પ્રવેશ કરીને બેઠકખંડમાં બેઠા હતા. સર સયાજીરાવે મહેલના કર્મચારી પાસે પીવા માટે પાણી માંગ્યું. કર્મચારીએ કિચન સ્ટાફના કર્મચારીને પાણી આપવા માટે જણાવ્યું. બંને વિભાગ વચ્ચે તેમની હાજરીમાં વિવાદ થયો કે પાણી આપવાની જવાબદારી કોની છે. કિચનનો કર્મચારી એવું સમજાવતો હતો કે તેનું કામ ભોજન વખતે પાણી આપવાનું છે, મહારાજા ડ્રોઇંગરૂમમાં હોય ત્યારે તેનો વિસ્તાર આવતો નથી. ડ્રોઇંગરૂમમાં ત્યાંના કર્મચારીએ પાણી આપવું જોઇએ. આ વિવાદે ઉગ્ર સ્વરૂપ લેતાં તેમને અડધો કલાક સુધી પાણી મળ્યું ન હતું.' આ લેક્ચર પરથી અંદાજ લગાવી શકાય કે એ સિસ્ટમથી કેટલા નિરાશ થયા હશે.

મહારાજા સાહેબે વાત આગળ વધારતા ઉદાહરણ આપ્યું હતું કે, 'તેમના નિવાસ પર એક મહેમાન આવ્યા હતા. આ મહેમાન માટે ચા બનાવવામાં આવી હતી. મહેમાન જે રીતે બેઠા હતા એ સંજોગોમાં ચા મુકવા માટે એક અલગથી નાનું ટેબલ મહારાજાએ મુકવાનું જણાવતા ચા આપવા ગયેલા કર્મચારીએ જણાવ્યું કે પેલેસમાં ટેબલ આપવાની જવાબદારી પેલેસ સ્ટાફની હોય છે.'

એક વાર પેલેસમાં કોઇ ફંક્શન હતું. આ કાર્યક્રમ નિમિત્તે ભોજન રાખવામાં આવ્યું હતું. ભોજન માટે બેઠક વ્યવસ્થા અલગ સ્ટાફ તરફથી ગોઠવવામાં આવી હતી. આ સ્ટાફ તરફથી સૂચના હતી કે બેઠક વ્યવસ્થામાં કોઇ ફેર કરવો નહીં. મહારાજા જ્યારે આવ્યા ત્યારે કોઈક કારણોસર તેમણે બેઠક વ્યવસ્થામાં થોડો ફેરફાર કરવા માટે જણાવ્યું પણ તેમાં ફેરફાર કરવા હાજર સ્ટાફે ના પાડી હતી. મહારાજા પોતાના પેલેસમાં અગવડ અનુભવતા હોય તો આપણે સહુ સામાન્ય નાગરિકો છીએ.

કર્મચારી જ્યાં કામ કરતા હોય એની પદ્ધતિ વિષે માહિતગાર રહેવું જોઇએ. એમના બાથરૂમમાં નળ ચાલુ કર્યા પછી થોડીવાર પછી ગરમ પાણી આવતું હતું ત્યારે ૨૦ વર્ષથી જવાબદારી સંભાળતા કર્મચારીને પૂછ્યું કે કેટલી વારમાં ગરમ પાણી ટબમાં આવે છે ત્યારે જવાબ મળ્યો, 'મારૂ કામ નળ ખોલવાનું છે !'

મહારાજા યુવાન ત્યારે રાજ્યમાં નિયમિત મુસાફરીમાં કરતા ત્યારે ખબર પડી કે તેમના સામાનમાં સોળ વર્ષના હતા એ કપડાં પણ સાથે હોય છે. તપાસ કરતા જવાબ મળ્યો કે, 'રાજા તો ક્યારેય કંઇ પણ માંગી શકે છે !?' જ્યારે સવારી કરીને જતા ત્યારે મોટા સ્ટાફને સૂચના આપીને થાકતા, તેમને સાથે નાનો સ્ટાફ રાખવાની સૂચના આપતા સયાજીરાવે ઉલ્લેખ કર્યો છે કે, 'સ્ટાફ વધારે હોય કે ઓછો પણ પરિસ્થિતિ એક સરખી જ રહેતી હતી. સ્ટાફનું કામ માલિકને રિલેક્સ કરવાનું હોય છે પણ હું સૂચનાઓ આપીને થાકી જતો. માલિક મુગટ ઉતારીને રિલેક્સ અનુભવે એ જોવાનું કામ સ્ટાફનું હોય પણ મેં ક્યારેય એ અનુભવ કર્યો નથી !'

જો સયાજીરાવ ગાયકવાડની આ હાલત હોય તો...

લેખક: દેવલ શાસ્ત્રી

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## વાગડનો વીર : સારંગજી ડોડીયા ગેડી

(ગતાંકથી આગળ...)







રાણાજી વાઘેલા બોલ્યા , 'તમે જે બોલો એ મંજૂર છે. તો કાલે સવારે ગેડીનો ડાયરો ભેગો કરો.' ડાયરો ભેગો થયો ત્યારે સારંગજી ડોડીયા બોલ્યા કે, 'આ મારા વછેરાને આંખે પાટા બાંધી દો અને ગેડીની જેટલી જમીન ફરે એટલી મારા છોકરાને જીવત દાનમાં દેવી પડે.'

ગેડીના ડાયરાની સામે રાણાજી વાઘેલા બોલ્યાઃ 'મંજૂર છે.' સારંગજી ડોડીયાએ સુરજદાદાને પ્રણામ કરી વાછેરાને હાલતો કર્યો. પાછળ માણસો છે. વછેરો ગેડીના ત્રણ પાધર ફરી ડેલીએ હાવર મારી આંખે પાટા છોડ્યા. પાછળ માણસો હતા, એમને પૂછવામાં આવ્યુ કે કેટલી જમીન ફર્યો ? તો કે ત્રણે પાધર ફર્યો.

રાણાજી વાઘેલા બોલ્યા, 'મંજૂર છે. ત્રણે પાધર દીધા', ત્યાં તો સારંગજી ડોડીયા બોલ્યા કે, 'આ મને હકના થાય કારણ કે ત્રણ સીમાડાનો ધણી હું એકલો અને એક સીમાડાના ધણી ગેડી દરબાર રહે એ મને હક ના થાય. મને તો મારા છોકરા ખાય એટલી જ જોવે, પણ મારો વછેરો ફર્યો છે ને તો ભલે ફર્યો, વાંધો નંઇ.

રાણાજી વાઘેલાની ઘરેથી રાણીને બેન કર્યા અને અતરાદો (ઉતર) સીમાડો બેન રાણીબાને ને કાપડામાં આપ્યો દખણાંદો (દક્ષિણ) સીમાડો ભાણુંભાને, રાણાજીના દીકરાને જીવત દાનમાં આપયો ઉગમણો(પૂર્વ) સીમાડામાં ડોડીયા પરિવાર ખાય ને મજા કરે અને આથમણો (પશ્ચિમ) સીમાડો ગેડીની વસ્તી ખાય ને મજા કરે આ વાત ને પંદરેક વરહના વાણા વાઇ ગયાં છે.

રાણાજી વાઘેલાના ભાણેજ છે રવ ગામના એ ગેડી મોસાળમાં રહે છે. ભાણેજના મનમાં પાપ છે. નાનપણથી મોસાળમાં રહે છે એટલે ગેડીરાજથી બરાબર પરિચિત છે. મામાના હાથમાંથી ગેડીનું રાજ પડાવી લેવાની વૃત્તિ છે એટલે ધીરે ધીરે ગેડીની વસ્તીને ખોટું બોલી વિશ્વાસમાં લઇ લે છે. આ વાતની ખબર સારંગજી ડોડીયાને પડતા સારંગજી ડોડીયા વાઘેલાને વાત કરે છે, 'તમારા ભાણેજની નીતિ ખરાબ છે, ક્યારેક દગાથી વાર કરશે. પણ વાઘેલાને માનવામાં નથી આવતું એટલે ખાતરી કરવાનું કહે છે. સારંગજી ડોડીયા કહે છે કે, 'કાલે ગેડીના પાધરમાં જે હિંગળાજ માતાનું મંદિર છે ત્યાં કહૂંબો રાખો અને ગેડી ગામના ડાયરાને આમંત્રણ આપો. ડેલીયેથી તમારે અને ડાયરાને ભેગું નીકળવાનું બરાબર અધવચ્ચે પહોંચો ત્યારે તમારે ઊભા રહી જવાનું જેટલા માણસો તમારી સાથે ઉભા રહે એટલા તમારાં અને ભાણુંભા ભેગા જાય એટલા ભાણુંભાના.'

સવારે ગેડી ગામનો ડાયરો હિંગળાજ માતાના મંદિર જવા નીકળે છે ડેલીએથી ૨૦૦ આદમી આગળ છે એટલા જ પાછળ છે. બરાબર વચ્ચે રાણાજી વાઘેલા હાલ્યા જાય છે. નકકી કરેલ જગ્યાએ રાણાજી વાઘેલા ઊભા થઇ રહે છે પણ આખો ડાયરો ભાણુંભા ભેગા હાલી નીકળે છે. એક સારંગજી ડોડીયા ભેગાં ઊભા રહે છે. સારંગજી બોલ્યા, 'જોયું ! વાઘેલા ખાતરી થઇ ગઇ ?' તો કે, 'હા ! બુટ પકડી,' અને કીધું કે, 'આનો ઉપાય ?' તો કે, 'હવે ડાયરામાં નથી જાવું, કાંક ઉપાય નીકળશે.'

જેણે ડાયરો રાખ્યો'તો, જેણે આમંત્રણ આપ્યું'તું, એ રાણાજી વાઘેલાને સારંગજી ડોડીયા કહુંબામાં આવ્યા નથી. ડેલીએથી તો ભેગા નીકળ્યા'તા. રસ્તામાં ઉભા રહી પાછા કેમ વળી ગયા ? કોઈ ને કંઇ સમજાણું નહીં. કહુંબો થયો નહીં. ડાયરો સૌ પોતપોતાની ઘરે ગયો. પણ ભાણેજને થયું કે મામાને ખબર પડી ગઈ છે. ભાણુભાના અંગત ખુટલિયા માણસો હતા એ બોલ્યા કે, 'ભાણુભા મોકો જોઇને રાણાજી વાઘેલાને મારી નાખજો, નહીંતર કંઈક નવાજૂની થાશે.'

સવારે શિરામણ કરવા રાણાજી વાઘેલા, સારંગજી ડોડીયા અને ભાણુભા બેઠા છે અને શિરામણ કરી ઉભા થયા. ભાણુભાએ જોયું કે બંનેના હાથમાં હથિયાર નથી, મોકો ભૂલ્યા જેવો નથી પણ જ્યાં ભાણુંભા રાણાજી વાઘેલા ઉપર ઘા કરે ત્યાં સારંગજી ઘા ચુકાવી દે છે અને બથ ભરી પકડી રાખે છે. હાથમાંથી તલવાર મુકાવી દે છે. રાણાજીને કહે છે કે, 'આને મારી નાખો નહીંતર આ તમને જીવવા નહીં દે. આ બથભરાણી એટલે અધમણનું તાંબુ સમજો. એ તાળું ચાવીથી ખુલે પણ આ તાળું તો ચાવીથી પણ નંઇ ખુલે.'

રાણાજી વાઘેલા હાથમાં ભાલું (સાંગ) લઇ ઘા કરે પણ ભાણેજ જુવાન છે અને સારંગજી ડોડીયા અવસ્થાવાન છે જેવો ઘા કરે ત્યાં ભાણેજ સારંગજીને સામાં કરે. ત્રણેક ઘા કર્યા પણ વારંવાર સારંગજીને સામા કરી દે છે. સારંગજી બોલે છે કે, 'વાઘેલા અધુરું કામ ના કરતા આ મારું શરીર છે ને ઇ કાંઇ લોઢાનું નથી. મારી પીઠમાં જોરમાં ઘા કરો એટલે ભાલો પાસરો ભાણુભાની છાતીમાં ઘૂસી જાશે.' રાણાજી વાઘેલાએ ભાલાનો ઘા કર્યો. સારંગજી ડોડીયાની પીઠમાંથી સાંસરો નીકળી ભાણુભાની છાતી ચીરી નાખી. ભાણુભા ઠામ જ પડી ગયો, રામ રમી ગયા પણ સારંગજી ડોડીયા હજી ઉભા છે. એમને સત ચડ્યુ છે. છાતીના આંતરડા ધરતી પર ઢગલો થઈ ગયા છે.


રાણાજી વાઘેલાને કહે છે કે, 'હવે રામે રામ પણ સાંભળો. આ આંતરડાને હું મારી ખોઈમાં લઈ લઉં છું. અહીંથી દરબારગઢથી હાલી ડેલીની બહાર નીકળી સૂરજદાદાને છેલ્લા પ્રણામ કરું તો મારો પાળીયો ખોડાવજો અને ડેલીની અંદર રહી જાઉં તો મને ચિતા દઇ દેજો.' સારંગજી ડોડીયા ધરતી પર પડેલ આંતરડા ખોઇમાં લઇ બે હાથે પકડી પારોઠના પગલાં ભર્યા. ડેલીની બારે જઇ પોતાના હાથમાં આંતરડા હતા ઇ છૂટા મૂક્યા, આંતરડાનો ઢગલો ધરતી ઉપર થઇ ગયો છે, બે હાથ જોડી સૂરજદાદાને પ્રણામ કર્યા, ત્યારે રાણાજી વાઘેલા બોલ્યા કે, 'સારંગજી ડોડીયા ! આજથી મારા વંશ વારસુ વાઘેલા તમારી ખાંભીની સામે ફેરા ફરશે અને માંડવો નંઇ નાખે ને ખુલ્લામાં ફેરા ફરશે.' આટલું સાંભળી સારંગજી પોતાના પ્રાણ કાઢી નાખે છે.

આજે પણ સારંગજી ડોડીયા દાદાની ખાંભી છે. ગેડી વાઘેલાની ડેલીની સામે અને વાઘેલા પરીવારના જુવાનના લગ્ન થાય ત્યારે માંડવો નખાતો નથી, ચાર ફેરા દાદાની ખાંભીની સામે ફરાય છે. નવા વર્ષના પાડવાના દિવસે ચોખાનો જાર (જવાર) થાય છે. ડોડીયા પરિવાર ગેડી, ડોડીયા પરિવાર કાનમેર, ડોડીયા પરિવાર રાપર અને વાઘેલા પરિવાર સારંગજી ડોડીયા ને સુરાપુરા તરીકે પૂજે છે.

(લેખક : બળદેવસિંહ ડોડીયા, કાનમેર. સૌ.: શામજીભાઇ ડોડીયા, કાનમેર; સુરેશસિંહ ડોડીયા, ગેડી; વેલુભા વાઘેલા, બેલા; દીવાનસિંહ વાઘેલા, ગેડી. પૂરક માહિતી : ચંદુભાઈ બારોટ, રાજકોટ; કનુભાઇ બારોટ, રાજકોટ; ગોવર્ધનસિંગ બારોટ, મધ્યપ્રદેશ.) પ્રસ્તૂતીઃ મહાદેવ બારડ

## ફોટો બોલે છે... ૨૯

Photo by Satish Shanischara, Mandvi.
M: 9925169693
Story by Navin Patel.



આંખોમાં કોની પ્રતિક્ષા હશે ? દિવાલો સજાવનાર વડીલોની કે ભવિષ્યના સપના પૂરનાર પરીની ? આ બાળકોનું ભાવી એમના ઘરની દિવાલોની જેમ ખંડેર ન બની જાય તે માટે, રંગ રોગાન કરનાર, તેમની કેડી કંડાવનારની જરૂરત છે. આવા અનેક બાળપણ આજે પણ આજના જગતની અનેક સુવિધાઓથી વંચિત છે. ચાલો એમના સપના સાકાર કરવા આપણે પણ કંઇક કરવાનો સંકલ્પ કરીએ !

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૦

# અઘાટ હમીરાવાર

લેખક - ડુંગરશી ધરમશી સંપટના પુસ્તક 'કચ્છની લોકવાર્તા'માંથી સાભાર



જામ લાખો ફૂલાણી અણગોરગઢમાં જ્યારે પોતાનું રાજ્ય ચલાવી રહ્યો હતો ત્યારે જ તેણે તેના રાજ્ય સહિત સંપતિ ગરાસમાં પોતાના ઓરમાન ભાઇઓને આપી દીધી અને પોતે કેરાકોટ એટલે કે કપિલકોટની સ્થાપના કરી પોતાનું રાજ્ય સ્થાપ્યું.

આ કેરાકોટને વાસ્તુ સમયે લાખાના ભાઇ ઘાહાનો પુત્ર આવ્યો અને જામ લાખા પાસે થોડાક ગરાસની માગણી કરી. તે વખતે હજી પણ લાખાના ભાઇઓ અને તેના પુત્રોને માંગણી કરતા જોઇ એક ચારણે મહેણું માર્યું કે, 'જામ લાખાએ જેવી રીતે કેરાકોટનો કિલ્લો ચણાવ્યો, તેવી રીતે તું પણ તારા બાપને ગરાસમાં મળેલ પદ્ધરગઢનો કિલ્લો ચણાવ.'

આ મહેણું સાંભળી પુંઅરાએ ક્રોધપૂર્વક કહ્યુંઃ 'હું ઘાહાનો કુમાર પુંઅરો છું. મારું મસ્તક ભલે જુદું પડી જાય, પણ હું પોતાનો કિલ્લો ચણાવીશ.'

આટલું કહેતાં જ પુંઅરો ત્યાંથી ચાલ્યો ગયો અને પદ્ધરગઢનો કિલ્લો ચણાવવાની પેરવીમાં પડ્યો. કેરાકોટને કિલ્લો તૈયાર કરનાર ગૈધરના પુત્રને તેડાવી તેણે કિલ્લાનું કામ શરૂ કરાવી દીધું. પદ્ધરગઢનો કિલ્લો જ્યારે સંપૂર્ણ તૈયાર થઇ ગયો ત્યારે પુંઅરાને ખાતરી થઇ કે તેના કિલ્લાની બરોબરી કરી શકે એવો કિલ્લો કચ્છમાં ક્યાંય નથી.

પદ્ધરગઢને કિલ્લો તૈયાર થતાં પુંઅરાનો વિચાર કોઇ રાજા સાથે યુદ્ધ કરી પોતાનું નામ ઉજ્જવળ કરવાનો થયો. તેણે બહુ જ વિચાર પછી ઘુમલીના વિયડ ગુર્જરના પશુધનને વાળવા પોતાના માણસો મોકલી આપ્યા. આ માણસો તક સાધીને વિયડ ગુર્જરની આથો (પશુધન) વાળી ગયા.

આ વાતની વિયડ ગુર્જરને ખબર પડતાં તેણે મોટી ફોજ સાથે પદ્ધરગઢ પર ચઢાઇ કરી. આ યુદ્ધમાં પુંઅરાની હાર થવાથી તેણે હમીર સુમરાની મદદ માગી. હમીર સુમરો મોટા સૈન્ય સાથે પુંઅરાની મદદે આવ્યો.

બીજે દિવસે વિયડ ગુર્જર અને હમીર સુમરા વચ્ચે શસ્ત્રયુદ્ધ ખેલવાને નિર્ણય થયો. આ લડાઇમાં હમીર સુમરાના હાથે વિયડ ગુર્જર મરાયો. તેની ફોજમાં ભંગાણ પડ્યું અને જામ પુંઅરાની જીત થઇ.

આ જીતના પ્રતિકરૂપે જામ પુંઅરાએ પોતાની કુંવરી હમીર સુમરા સાથે પરણાવી. આ લગ્નમાં એવી શરત હતી કે કચ્છમાં હમીર સુમરાનું નામ અમર થાય. તેથી સુમરાનું નામ કાયમ રાખવાને કચ્છમાં અઘાટ ખતો લખતી વખતે 'અઘાટ હમીરાવાર' એમ લખવાનો રિવાજ થઇ પડ્યો. જામ પુંઅરાને એક પણ પુત્ર ન હતો. તેની રાણી રાજૈને ઋષિમુનિઓનું શરણું લેવાની ઇચ્છા થતાં, તે પદ્ધરગઢથી એકાદ માઇલ દૂર બેઠેલા ઋષિઓ પાસે ગઇ અને પુત્રપ્રાપ્તિ માટે ઇચ્છા વ્યક્ત કરવા લાગી.

ઋષિઓએ આ વાતનો ઇન્કાર કર્યો, એટલે રાજૈરાણી ગુસ્સાભેર પાછી વળી. તેણે બધી વાત વધારીને જામ પુંઅરાને કરી. તેથી જામને પણ ગુસ્સે ચઢ્યો. તેણે ઋષિઓને ગિરફતાર કરી અંધારી કોટડીમાં પૂરી દીધા. તેથી આ ઋષિઓને એક સાથીદાર કક્કડ નામના યક્ષે પુંઅરાના નાહવાને સમયે બાણના ઘાથી મેડીની એક મોટી છીપર તોડી પાડી અને તે જામ પુંઅરાના માથા પર પડતા જામ તેની નીચે દબાઇ મરણ પામ્યો.

જામ પુંઅરાને પુત્ર ન હોવાથી તેની રાણી રાજૈએ અનેક વર્ષ સુધી કુશળતાપૂર્વક રાજ્યઅમલ ચલાવેલ.

કચ્છી કવિતા

## નિમોરી ને માડુ

અસાઢ મેણેમેં હિકડો ડીં
આઉં નિમ હેઠ વિઠોસેં,
તાં
મથાથી પકલ મેઘો છણેઓ.
(ઇ તાં પટતેં પણ ઘણે મિડે મેઘા છણેલ
પેઆ વા.)
તેંકે ખણીને મું મોંમેં વિધો
તાં મિઠો મધ જેડ઼ો,
બિજો ચૂસેને બાર ફિગાયો તેં ભેરો
મુંકે મુંજો નિંઢપણ સંભરી આયો.
ચઇતર વૈસાખ જે ઘમ બપોરેં આઉં
નિમેંતે ચડ઼ી રાંધ કંધો હોસેં.
ઉન બાલાપણજી મિઠાસ સંભરેતી,
ને તિન ટાણે નિમોરીએંજી ખોરાસ
કીં ભુલાજે?
ન્યાર્યોંતા ખરા !
ફડ઼ જીં જીં પચંધો અચે
તીં તીં મિઠો થીંધો વિત્રે
ને
માડુ જીં જીં પચંધો અચે
તીં તીં ખોરો થીંધો વિત્રે !

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'વિરાંઢ'માંથી

## અસીં અચીબોં

જડ઼ે નોંતરો ડીંધી આંજી નજર, અસીં અચીબો...
સજણ ઐં ખુલો રખજા જિગર, અસીં અચીબો...

મોભતજા મોલ મથાઢક, થીંધા ધિલજે ખેતર મેં,
લાગણી જી જડેં ભિરધી વતર, અસીં અચીબો...

વાણ વલપ જા કબો, ચડ઼ે સોંત તેરઇ રવાના,
અઈં વિજી મં રખજા લંગર, અસીં અચીબો...

મોભતજી કોરટ મેં, ગિના ઘી ધિલજી જિભાની,
ખણી આધાર પૂરાવા,સધર, અસીં અચીબો...

આંસે કેઆ વાયધા, પૂરા કબો 'કસભી',
ઐં જિરા જિતરી રખજા, સભર, અસીં અચીબો...

- હરેશ દરજી 'કસભી' (નલીયા)
મોઃ ૯૮૨૫૬૩૮૮૮૮

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૫

## ઓરતકે તાં કેં અલગ, નર મિંજાનું નાર, ઓરતને અળગી કરી, નરમાંથી નાર

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

વંકાનો છોકરો લખમણ આજે સતીમા ને ઓટલે ચર્ચામાં હતો, સાથે વંકો પણ. વાત જાણે એમ હતી કે ગામમાં કોઇ પણ માલધારીએ ઝાડની ટારી (ડાળી) કાપવી નહીં એ જાતનો વર્ષોથી એક નિયમ ચાલ્યો આવતો હતો. આ એટલા માટે કે નાના પશુઓના માલધારી 'ફરડા' (નાના પશુબાળ) માટે ડાળીઓ કાપી કાપી અને ગામ-સીમમાંના ઉપયોગી ઝાડોનું નિકંદન કાઢી નાખતા હતાં એટલે આ નિયમ એકબીજાની સમજુતીથી લાગુ કરવામાં આવેલ. હા, ક્યાંક વિઘ્નરૂપ ઝાડ કે તેની ડાળીઓ હોય તો ગામની બે-ચાર વ્યક્તિઓ સાથે રહી એક બીજાની સહમતિથી તે ઝાડને કાપકૂપ કરતાં.

લખમણ એ વાતે ચર્ચામાં હતો કે તેણે વીસરાઇ તળાવડીની પશ્ચિમ દિશા તરફ ઊભેલા ઘટાટોપ લિમડાના ઝાડની ડાળીઓ કાપી સૂથવાળી નાખી હતી. આ બાબત વંકાએ જ્યારે તેને ઠપકો આપ્યો તો એ ફરડાને રેઢા મૂકી મામાના ઘેર ચાલ્યો ગયો. વંકો સતીમાને ઓટલે છોકરાએ કરેલી ભૂલની માફી માંગવા સ્વેચ્છાએ આવ્યો હતો. આ વાત ચર્ચામાં હતી. વંકાના આજે ફરડા રખડી પડયા હતાં અને તેણે સહુ સમક્ષ માફી પણ માંગી.

આ સંદર્ભમાં વાત ચાલતી હતી ત્યારે સામતને એક પિરૂલી યાદ આવી એણે કહ્યું સુણો;

જુલમ કરે જંગલ મથે, કમવારે કેં [1]કાર,
ઓરતેં કે તાં કેં અલગ, નર [2]મિંજાનું નાર.
વસ નં લગ઼ો [3]વિડ઼ે જો, કઢેં બાઇકે બાર,
કામીની છડેં કતાર, ખબર ડીજા ખત્રી ચે.

[1]અકેકાર, [2]માંથી, [3]ઝગડાનો.

વાહ સામત ! વા...હ... વંકાભાઇએ તેને બિરદાવ્યો. પચાણભાઇએ કહ્યું કે, 'આ પિરૂલી મેં ક્યાંક સાંભળી છે, પણ, યાદ આવતું નથી.

એટલે અભેસંગે તેની ફોડ કરતાં કહ્યું કે, 'આ પિરૂલી ખત્રી સાહેબની છે, અને તે 'ડિઠોડ઼ી' પ્રકારની છે. જે વનરાઇનું નિકંદન ન કાઢવા બાબત આપણને ઘણું કહી જાય છે. વનરાઇ માનવજીવનમાં કેટકેટલી ઉપયોગી છે, તેના દષ્ટાંતો શાસ્ત્રો-પુરાણોમાં આપણને જોવા મળે છે. દરેક ઝાડમાં ઔષધિય ગુણો રહેલા છે.

ભારતીય સંસ્કૃતિમાં અનેક ધાર્મિક પ્રસંગોમાં ક્યાં ને ક્યાં અથવા કોઇ ને કોઇ બહાને વનસ્પતિનો ઉપયોગ બહુ ખૂબીથી બતાવવામાં આવ્યો છે, જે આજે રૂઢિ બની ગયો છે. તુલસીપૂજા, મીંડોળ, લગ્ન પ્રસંગે કણ્યારની કામ, કેળના સ્થંભ, તો શ્રીકૃષ્ણ ભગવાને તો કહ્યું છે કે, 'વૃક્ષમાં હું પીપળો છું.' એમ કહી વૃક્ષના ગુણ ગાયા છે.

આપણા સંતો-મહંતોએ પણ પોતાની વાણીમાં ઉચિત સ્થાન આપી જનસમાજ પાસે વનરાજીની રક્ષાનો સંદેશ વહેતો કર્યો છે. તો મેકણદાદાની એક પ્રચલિત સાખી એમ કહે છે કે:

'પિપરમેં પ પ્રાણ, નાંય બાવર મેં બ્યો,
નિમમેં ઊ નારાણ, ત કંઢેમેં ક્યો ?'

મેંકણદાદાએ બધા વૃક્ષોમાં કોણ છે ? એમ પ્રશ્ન કરી ઇશ્વર જ છે, એમ કહી માનવજાત માટે (તેને બચાવવાનો) એક સંદેશ આપ્યો છે. તો હાલના કચ્છીભાષાના મૂર્ધન્ય કવિ 'તેજ' ટૂંકુ અને ટચ, બહુ સુંદર કથન સમાજ સમક્ષ વહેતો કરે છે. એમણે વૃક્ષો માટે લખ્યું છે કે:

'વન રાજી ત પાં રાજી, વન વેરાન ત પાં હેરાન.'

આમ વનરાજીનું જતન જ માનવજીવન માટે તેના ખોરાક જેટલું જ જરૂરી છે.'

અભેસંગનો એકધારા વાણી પ્રવાહ પર સહુ મુગ્ધ હતાં, આ તો થઇ શાસ્ત્રો, પુરાણો ને સંતોની વાત પણ લોકસાહિત્યકારે પણ વનરાજી-વૃક્ષોની ચિંતા કરી છે. ઉપરોક્ત પિરૂલી તેનું સુંદર ઉદાહરણ છે. ખત્રીસાહેબની ઘણી પિરૂલીઓ અગાઉ આપણે જોઇ ગયા છીએ. તેમણે કોઇને ઝાડ કાપતા જોયો હશે ત્યારે હૃદયના ભાવો શબ્દસ્થ થયા હશે એમ માની શકાય. આ ચિત્રનું દુ:ખ વ્યક્ત કરતાં તેમણે પ્રથમ પંક્તિમાં લખ્યું કે, કોઇ કઠિયારે જુલ્મ કર્યો ને ઝાડનું નિકંદન કરવા બેઠો. બીજી પંક્તિમાં તેઓની કાવ્યકળાની ખૂબી છતી થાય છે. તેઓ લખે છે કે, 'નરમાંથી નારી જુદી કરી એટલે કે કઠિયારે ઝાડની ડાળી કાપી, ડાળી સ્ત્રીલિંગ શબ્દ હોવાથી તેને સ્ત્રીનું રૂપક આપ્યું અને ઝાડ પુંલિંગ શબ્દ છે એટલે તેમણે ઝાડમાંથી (નરમાંથી) ડાળી કાપી (નારી) ને અલગ કરી નાખી. પાછું ત્રીજી પંક્તિમાં તેઓ લખે છે કે; કઠિયારા સામે એનું કંઇ ચાલ્યું નહીં એટલે ડાળીઓના સમૂહથી તે છૂટી પડી ગઇ અને આ ડાળી (કામીની) જેની સાથે જોડાયેલી હતી તે બધાથી (કતારથી) સાથ છૂટી ગયો.

લોકસાહિત્યકાર આગળ કહે છે, 'ખબર ડીજા ખત્રી ચે.' અહીં આ વાક્ય ઉભ્યાર્થમાં વપરાયો છે. આ પિરૂલી વિશે ખબર આપવા જેવી કઇ વસ્તુ છે ? તેનો બીજો અર્થ થાય છે કે, આમ કોઇ કરતું હોય તો બીજાને ખબર આપો ને ઝાડ કાપવાનું બંધ કરાવો. કવિની વૃક્ષો પ્રત્યેની ચિંતા વ્યક્ત થાય છે.'

આજે ખાસું એવું મોડું થઇ ગયું હતું. ચાંદનીનો પ્રકાશ સર્વત્ર ફરી વળ્યો હતો. પીપળો એટલું ઝૂમી રહ્યો હતો કે કોઇ ચારણ કવિ રાજા સમક્ષ બિરદાવલી સંભળાવે અને જેમ રાજા પોરસાય તેમ વૃક્ષોની વાત સાંભળી તે ફુલાયો હશે એવું ભાસતું હતું. પચાણભાઈએ પોતાના જકડાઇ ગયેલ પગ ઓટલાની નીચે લટકાવ્યા એટલે સહુ જવાનો સંકેત સમજીને જય ભીમનાથ મહાદેવના નારા સાથે જય બોલાવી ઘરભણી જવા ઊપડ્યા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

**કવિના પુસ્તક 'લિયાર' માંથી**

'તેજ' સચીલો માડુ
સમંધર જેંડ઼ો;
પાણી ખલે ખારો
પણ ચોખો કેંડ઼ો !

## કચ્છી ચોવક - ૩૩

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)



### ખુટો વાણીયું જુના ખત તપાસે.

અજ પુતરા ડાડાજી કે ચ્યોં કાલ અંઈ વાણીયેં જી કીં ક ગાલ ક્યોં તે સે કુરો ગાલ હૂઈ?
ડાડાજી ચ્યોં ઈ કચ્છી ચૉવક આય. ઈ ઇન કચ્છી ચૉવક આંકે ચાં તેં પેલાં ઇનજી ગાલ કઈયું.
વાણીયા ધંધેમેં ચાલાક જ હૂંવેં પણ ઇનીંમેં કોક વાણીયા ધંધે જા મલ્લ હૂંવેં પ ધંધે જી લાલચ મેં હિસાભ કિતાભ તેં નજર જ નં કરીં ને પોય છુટા ખુટેં તડેં જુના ખત કઢે નેં ઉઘરાણી કિતાક નું જુડ઼ંધી તેં જી તપાસ કરીં. ઇતરે કડેં પણ ધંધે મેં હિસાભ કિતાભ નેં ઉઘરાણી તેં ભરોભર ધ્યાન ડિને મેં કડેં કોય કસર નં રખઈ ખપે. નિકાં ત હી ચૉવક ખુટ ખેં ઇનીં મિણીં લા આય.
"ખુટો વાણીયું જુના ખત તપાસે" કિતરાક ઇન ચૉવક કે ઈ પણ ચેંતા
"ખુટો વાણિયો ખત સંભારે" ઇતરે ધંધે મેં હિસાભ કિતાભ ભરોભર રખજે.

## अज जी चोवक - ३५

### ડઇ જા ડંઢ ડઇ ભોગવે

(પૂર્વે કરેલાં કર્મો શરીરે ભોગવવાં જ પડે)

:: ભાવાર્થ ::

(માંદગીનું દુઃખ જોઇ કર્મના ફળ સ્વીકારવા પડે તે સ્વરૂપે આ કહેવત ઉચ્ચારાય છે. )

:: શબ્દાર્થ ::

ડઇ – દેહ , શરીર ડંઢ – દંડ, કર્મફળ

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક – ૩૫
ડૉ. વિસન નાગડા
(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

## જ્યારે ગાઝી ને ડુબાડી...



બાંગ્લાદેશમાં યુદ્ધ દરમિયાન, ૩ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ, ભારતના વિશાખાપટ્ટનમ બંદર પાસે એક મોટો રહસ્યમય વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટની અસર એટલી જોરદાર હતી કે, આ બંદર પર બનેલી ઇમારતોના કાચ પણ તૂટી ગયા હતા. સ્થાનિક લોકોને લાગ્યું કે ભૂકંપ આવ્યો છે.

આ દરમિયાન સમુદ્રમાં જોરદાર મોજા ઉછળ્યાં હતા અને દરિયાની અંદર સમાઇ ગયા હતા. તે ભૂકંપ નહીં પરંતુ પાકિસ્તાની સબમરીન 'પી.એન.એસ. ગાઝી' હતી, જે વિશાખાપટ્ટનમ બંદરની અંદર સુરંગ લગાવી રહી હતી.

પાકિસ્તાનનો દાવો છે કે, સબમરીનની અંદર આંતરિક વિસ્ફોટ થયો હતો. ભારત તરફથી એવું કહેવાય છે કે INS રાજપૂત યુદ્ધ જહાજે આ પાકિસ્તાની સબમરીનને ડુબાડી દીધી હતી. આ સબમરીનમાં ૯૩ પાકિસ્તાની નૌકાદળના જવાન હતા જે તમામના મોત થયા હતા.

હવે ભારતીય નૌકાદળના નવા હસ્તગત ડીપ સબમર્સિબલ રેસ્ક્યુ વ્હીકલે વિશાખાપટ્ટનમના પૂર્વ કિનારે આ પાકિસ્તાની સબમરીન ગાઝીનો કાટમાળ શોધી કાઢ્યો છે. પાકિસ્તાન નેવી માટે તે સમયે લીડ સબમરીન તરીકે સેવા આપતી PNS ગાઝીને ઇસ્લામાબાદે અમેરિકા પાસેથી લીઝ પર લેવામાં આવી હતી.

ભારતીય નૌકાદળના એક વરિષ્ઠ અધિકારીએ ખુલાસો કર્યો છે કે, 'પાકિસ્તાની સબમરીન ગાઝીને વિશાખાપટ્ટનમના દરિયાકાંઠે થોડા નોટિકલ માઇલ દૂર શોધી કાઢવામાં આવી છે. જોકે, પાકિસ્તાની નૌસૈનિકો માટેના સન્માનના કારણે અમે કાટમાળને સ્પર્શ ન કરવાનો નિર્ણય લીધો છે, જે ભારતીય નૌકાદળની પરંપરા રહી છે.'

ભારતીય નૌકાદળનું કહેવું છે કે ૧૯૭૧ના યુદ્ધ વખતે ભારતીય યુદ્ધ જહાજ INS રાજપૂતે આપણી સીમામાં ઘુસી આવેલ ગાઝીને ડૂબાડી હતી. યુદ્ધ સમાપ્ત થયા બાદ અમેરિકાએ સબમરીનને બહાર કાઢવા માટે મદદનો અનુરોધ કર્યો હતો જેને આપણે નમ્રતાથી નકારી કાઢ્યું હતું.

વર્ષ ૨૦૧૮ થી ભારતે ડૂબી ગયેલા જહાજો અને સબમરીનને શોધવા અને બચાવવા માટે ડીપ સબમર્સિબલ રેસ્ક્યુ વ્હીકલ લીધું છે. આ ટેક્નોલોજી ધરાવતા ૧૨ દેશોમાંનો ભારત એક છે.

આ સબમરીન હજુ પણ વિશાખાપટ્ટનમ બંદરની બહાર દરિયાઈ કાદવમાં ફસાયેલી છે. આ સબમરીન સાથે શું થયુ હતુ તે હજુ જાણી શકાયું નથી.

આ ઉપરાંત ભારતીય ટીમને જાપાનની સબમરીન RO-110 નો કાટમાળ પણ મળ્યો છે, જે ૮૦ વર્ષથી ત્યાં પડેલો છે. બીજા વિશ્વયુદ્ધમાં રોયલ ઇન્ડિયન નેવીના HMIS જમુના અને ઓસ્ટ્રેલિયન નેવીના ઇપ્સવિચ દ્વારા આ જાપાની જહાજને ડૂબાડવામાં આવેલ.

(ક્વોરા પર પોસ્ટ કરનાર સતીષકુમાર બિનિવાલેના લેખ પરથી)




વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન ને
અહીં ક્લિક કરો
નિયમિત રૂપે
આપના મોબાઈલ
પર મેળવવા ...


# જાણો અને માણો ...

## કચ્છી અને ગુજરાતી મહિલાઓનું સ્ત્રી સશક્તિકરણ 'લિજ્જત પાપડ'




શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડની સ્થાપના દિન તરીકે ૧૫ માર્ચ, ૧૯૫૯ના દિવસને ગણી શકાય. મુંબઇના ગિરગામ વિસ્તારમાં લોહાણા નિવાસમાં રહેતા જસવંતીબેન જમનાદાસ પોપટ દરરોજ બપોરના સમયે નવરા પડતા ત્યારે એમને વિચાર આવ્યો કે એમની આસપાસના મકાનોમાં રહેતી મધ્યમ વર્ગની ગૃહિણીઓ જો કાંઇક એવું કામ કરે જે ઘેર બેઠા થઇ જાય અને તેમના પરિવારને આર્થિક ટેકો પણ મળે તો કેવું. તેમને પોતાની સ્પેશીયાલિટી એવી પાપડ બનાવવાની રીત યાદ આવી. ભારતના દરેક પ્રદેશની રસોઇ તથા નાસ્તા સાથે પાપડ ભળી જાય છે. તે માટે આસપાસની બિલ્ડીંગોની મહિલાઓને પાપડ બનાવવા બોલાવી ત્યારે ફક્ત સાત મહિલાઓ ભેગી થઇ. જસવંતીબેન જમનાદાસ પોપટ, પાર્વતીબેન રામદાસ થોડાણી, ઉજમબેન નારણદાસ કુંડલીયા, ભાનુબેન એન. તન્ના, લગુબેન અમૃતલાલ ગોકાણી, જયાબેન વી. વિઠ્ઠલાણી અને દિવાળીબેન લુક્કાએ તે દિવસે ભેગા મળીને અનોખા ટેસ્ટવાળા પાપડ બનાવ્યા, છત પર સુકવ્યા અને તેને વેચવા માટે ભુલેશ્વરની આણંદજી પ્રેમજીની દુકાનવાળાઓને મનાવી લીધા. (જે પાછળથી તેમના પ્રથમ ડિસ્ટ્રીબ્યુટર પણ બન્યા.)

તૈયાર થયેલ પાપડના નફાની રકમ દરેકના ભાગે એકસરખી મળતી થઇ. વાત ફેલાતા ૩ મહિનામાં તો બીજી ૨૫ બહેનો જોડાઇ ગઇ. પછી તો 'મંઝિલે આતી રહી ઓર કાંરવા બઢતા ગયા'ની જેમ આ સાત કચ્છ-ગુજરાતી બહેનોની સફર જેને આજે 'સ્ત્રી સશક્તિકરણ' જેવું રૂપકડું નામ મળેલ છે તે આગળ વધતી જ રહી.

એક લક્ષ્મીદાસભાઇએ શરૂ કરેલ 'પાપડ'ની ફેક્ટરી ચાલી નહીં એટલે તેમની પાસેથી પાપડ બનાવવાના કેટલાક સાધનો આ સાત બહેનોએ લીધા જેના માટે તેમને એક અન્ય સામાજીક કાર્યકર છગનલાલ કરમશી પારેખ પાસેથી રૂા. ૮૦ ઉછીના મળેલ. આટલી નાનકડી મૂડી સાથે મજબૂત ઇચ્છાશક્તિ અને ટીમલીડર ૮૫ વર્ષના જસવંતીબેન પોપટને ૨૦૨૧માં ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'થી નવાજવામાં આવ્યા.

૧૯૬૬માં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના સહકારથી તેનું સહકારી સંસ્થા 'લિજ્જત' બ્રાન્ડ તરીકે રજીસ્ટ્રેશન થયું જેનો ગુજરાતીમાં અર્થ થાય છે 'સ્વાદ'. ત્યારથી તેની અદભૂત પ્રગતી થઇ છે. આજે 'લિજ્જત' પાપડ ઉપરાંત મસાલા, સાબુ, બેકરી, આટો અન્ય ચીજો વેચે છે.

'લિજ્જત' ભારતભરમાં ૮૦ ઉપરાંત બ્રાન્ચો ધરાવે છે જ્યાં ૪૫ હજારથી વધુ મહિલાઓને તે રોજગારી પુરી પાડે છે. પાપડ બનાવનારને આજે પણ સારું 'મહેનતાણું' મળે છે જેમાંથી સ્ત્રીઓનો ઘર ખર્ચ આસાનીથી નીકળે છે. નવી બહેનોને બે મહિના ટ્રેનીંગ પણ અપાય છે. આજે પણ બહેનો કણક લઇને પોતાને ઘેર પાપડ બનાવે છે અને સેન્ટર પર પરત પહોંચાડે છે.

હાલમાં દરરોજ આશરે ૧.૩ કરોડ પાપડ બને છે જેને જમીન પર સુકવીએ તો ૪૪ ફૂટબોલના મેદાન ભરાઇ જાય ! દર વર્ષે બનતા પાપડ એક લાઇનમાં ગોઠવીએ તો પૃથ્વીને ૨૧ વખત ફરી વળે.

આર્થિક આંકડા જાણવા હોય તો કંપની ૧૬૦૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે ૧૫ ઉપરાંત દેશોમાં ૭૦ કરોડનું એક્સપોર્ટ કરે છે. સહકારી ધોરણે ચાલતી આ કંપનીમાં કોઇ 'એમ્પલોયી' નથી બધી બહેનોને મહેનતાણું જ મળે છે. સાથે વધુ નફો થાય તો દર વર્ષે 'બોનસ' પણ મળે. હજારો બહેનો લિજ્જત સાથે જોડાઇ સ્વામાનભેર પોતાના પરિવારને ઊંચે લાવવામાં મદદરૂપ બની છે. ભારતની સ્ત્રી શક્તિની આ એક અદભૂત કથા છે.

અહીં જોડાયેલ અને મહિલાઓ કહે છે કે શરૂઆતમાં ૧ કિલો પાપડ બનાવવામાં ચાર-પાંચ કલાકનો સમય લાગ્યો, પરંતુ હવે તે માત્ર અડધા કલાકમાં આટલા પાપડ બનાવે છે.

# સ્પર્શ

લેખક : જયંત દલવી , ભાવાનુવાદઃ રાજુલ કૌશિક

સાંજના સોનેરી કિરણો પીપળાની ડાળીઓ વચ્ચેથી ચળાઇને ધરતી સુધી માંડ પહોંચતા હતા. પવનની હળવી થપાટથી ગલગલિયાં થતાં હોય એવી રીતે પીપળ-પાન જાણે હસી રહ્યાં હતાં. બખોલના માળાનાં પંખીઓ નિરાંતમાં હતાં.

વૃક્ષની નીચે આસમાન તરફ તાકી રહેલ રામારાવ આંસુ જાણે સાચવી રાખવાની જણસ હોય એમ એને રોકવાની મથામણમાં હતા. આમ તો ચાર વર્ષ પહેલાં પોતાની પત્ની, સૌની નાની આશ્રમ ગઈ ત્યારે આંખ ભીની નહોતી થઈ તો આજે નાની ઠીક થઇને પાછી આવે છે ત્યારે કેમ? આજે તો આનંદ થવો જોઇએ ને? નહોતો થતો.

પીપળાની નીચે નાનીનો દીકરો વીનુ, પુત્રવધૂ અનુરાધા, પૌત્ર રંગા સમેત આખી મંડળી છેલ્લા કલાકથી નાનીની રાહ જોઈ રહી હતી. રંગા, નાની બોલાવે તો પણ એની પાસે ન જતો. અનુરાધા દીકરાને વારંવાર સમજાવતી હતી. પુત્રવધૂની વાતથી રામારાવ અકળાયા.

'જ્યારે ડોક્ટરોએ પણ નાની સ્વસ્થ છે એવું કહી દીધું પછી હવે શું છે ?' એ અનુરાધાને કહેવા જતા હતા ને નાનીની બસ આવતી દેખાઈ. ચબૂતરા પર ચહલપહલ મચી.

બસ ફાટક પાસે ઊભી રહી, ભૈયારામનો હાથ પકડીને નાની ઉતરી. સૌએ દૂરથી જ નાનીનું સ્વાગત કરી ને ઘર તરફ પ્રયાણ કર્યું.

ચાર વર્ષ પહેલાં નાની આશ્રમ ગઇ ત્યારે એણે વિચાર્યુંય નહોતું કે કુષ્ઠરોગની સારવારથી સાજી થઇને એ ઘેર પાછી આવશે. જતાં પહેલાં ઘરની દરેક ચીજ, ઘરનાં ચોતરા પાસે પીપળાના ઝાડ નીચે ગણેશજીની જૂની મૂર્તિ સુદ્ધાંને અંતિમ વાર સ્પર્શી લીધી હતી. આજે પાછાં આવવાની ખુશીથી નાનીનો ચહેરો આનંદથી ચમકતો હતો.

ઘરે પહોંચીને ગણેશજીની મૂર્તિ પાસે દગડ પરિવારની પરંપરા મુજબ અનુરાધાએ દીવો પ્રગટાવ્યો. મૂર્તિ હતી તો ખંડિત છતાં દીવાના પ્રકાશમાં એની આભા વધી. ચાર વર્ષે આજે ફરી જાણે મૂર્તિમાં રામારાવને શક્તિનો આભાસ થયો. એમણે મનોમન ગણેશજીનો આભાર માન્યો. નાનીએ મસ્તક નમાવી વંદન કર્યા.

'મને વિચાર આવતો કે ગણેશજીની પાસે કોઇ દીવો કરતું હશે કે કેમ ?' નાની બોલી.

'તું જેમ છોડીને ગઇ હતી, બધું એમ જ ચાલે છે.' રામારાવે જવાબ આપ્યો.

નાનીએ ખુશ થઇને અનુરાધા તરફ જોયું. અનુરાધાની પાછળ સંતાઇને જરા અમસ્તું ડોકું કાઢીને નાની તરફ જોતા પૌત્ર તરફ નજર ગઇ. રંગાને જોઇને નાની રાજી રાજી થઈ. ચાર વર્ષમાં કેટલો મોટો થઇ ગયો ! નાનીએ વ્હાલથી રંગાને બોલાવ્યો.

'રંગા, અહીં આવ.' નાનીએ રંગાને બોલાવ્યો, પણ અનુરાધાનો પાલવ છોડીને એ આગળ ન આવ્યો.

'ભૂલી ગયો હશે કદાચ. ચાર વર્ષ થયાં ને ! ઓળખી જશે પછી તો કેડો નહીં મૂકે.' અનુએ રંગાને પોતાની હજુ વધારે પાછળ ધકેલ્યો. પગથિયાં ચઢવા નાનીએ હાથ લંબાવ્યો. વીનુએ ભૈયારામને આગળ ધકેલ્યો. ભૈયારામનો હાથ પકડીને નાની ઉપર ચઢવા માંડી, એટલામાં ગૌશાળામાંથી રંભાના ભાંભરવાનો અવાજ સંભળાયો.

'જોયું ! કેવી ઓળખી લીધી મને ?' નાની ખુશ થઇને પગથિયાં ચઢવાના બદલે રામારાવ સાથે ગૌશાળા તરફ ચાલી. ગાયને વહાલથી પંપાળીને ઘરમાં આવી.

'નાની, તમારે હવે કોઇ કામ કરવાનું નથી. તમારે ફક્ત આરામ કરવાનો છે.' અનુ બોલી.

'કોણે વીનુએ કહ્યું ?' નાની હસી પડી. આજે એ અતિ આનંદમાં હતી.

સાંજે દૂધનું વાસણ લઇને એ ગૌશાળા તરફ જતી હતી ને અનુએ રોકી.

'આ શું કરો છો ? વાસણ મૂકી દો. કહ્યું'તું ને કે, તમારે કામ નથી કરવાનું. માત્ર આરામ કરવાનો છે.'

'અરે, પણ કેમ ? ત્યાં આશ્રમમાં તો હું રસોઇ બનાવતી હતી.' નાની બોલી.

'ત્યાં તો ડોક્ટર હોય. અહીં કંઇ થયું તો દોડધામ કોણ કરશે ?' અનુ અકળાઇ.

'કંઇ નથી થવાનું.' કહીને નાની આગળ વધી.

'એક વાર કહ્યું ને, વાસણ મૂકી દો.' અનુના અવાજમાં કડકાઇ ઉમેરાઇ.

નાનીએ વાસણ મૂકી તો દીધું, પણ જાણે અપમાન થયું હોય એમ દિલમાં એક ટીસ ઊઠી. એ અંદર ઓરડામાં જઇને રડી પડી. રાત્રે એક નિશ્ચય કર્યો. આ મારું ઘર છે, સૌએ મારો આદેશ માનવો પડશે. આશ્રમમાં દસ-પંદર જણની રસોઇ બનાવતી હતી તો અહીં મહેનત કેવી?

વહેલી સવારે ઊઠીને લોટ બાંધી રોટલા ઘડવા માંડી. અનુ જાગી ત્યારે ચૂલા પાસે રોટલાની થપ્પી જોઇ. 'કોણે બનાવ્યા ?'

'મેં.' નાનીએ જવાબ આપ્યો.

અનુ સન્ન થઇ ગઇ. નાની એની ચિંતા કર્યા વગર સફાઇમાં લાગી ગઇ.

બપોરે ઘરના પુરૂષોએ જમી લે પછી અનુ અને નાની જમવા બેસતાં. આજે અનુએ નાનીની થાળી પીરસીને આપી અને પોતાની થાળી લઇને નાનીથી જરા અંતર રાખીને જમવા બેઠી. નાનીને જરા અજુગતું લાગ્યું તો ખરું, પણ આજે એ પોતાની મસ્તીમાં હતી. કેટલા વખતે એ ઘરમાં બેસીને, ઘરનું ખાવાનું ખાઇ રહી હતી.

'બધાંએ રોટલા ખાધા, કોઇ કંઇ બોલ્યું ?' નાનીએ અનુને સવાલ કર્યો.

'હા, સરસ બન્યા છે એવું એમણે અને બાપુજીએ કહ્યું.'

નાનીના ચહેરા પર રોનક છવાઇ. અનુ બોલ્યા વગર ખાતી રહી, પણ એની નજર નાનીના ચહેરા પર, આંગળીઓ પર ફરતી રહી. નાના નખ, ટેઢીમેઢી આંગળીઓ, ચહેરા પર સફેદ ડાઘના ઉઝરડા દેખાયા.

જમીને નાની અંદર ગઇ તો વીનુને જોયો. 'કેવા લાગ્યા મારા હાથના રોટલા ?'

'સારા લાગ્યા.' વીનુ બોલ્યો.

નાની ખુશ થઈને વરંડામાં જ્યાં રામારાવ ટહેલતા હતા ત્યાં પહોંચી. ફરી એ જ સવાલ. 'કેવા લાગ્યા આજના રોટલા ?'

રામારાવ જવાબ આપે એ પહેલાં એનું ધ્યાન વીનુ પર ગયું અને એ સહેમી ગયા. હવે નાનીને દાળમાં કંઈક કાળું નજરે આવવા માંડ્યું. અંદર જઇને ઉંઘવાનો પ્રયાસ કર્યો, પણ એ રડી પડી.

સાંજે દૂધનું વાસણ શોધવા માંડી. સાફ કરવાના વાસણોની સાથે દૂધનું વાસણ, લોટનો ખાલી ડબ્બો જોયો. એને નવાઈ લાગી કારણકે, સવારે તો લોટનો ડબ્બો ભરેલો હતો તો અત્યારે અહીં કેમ ? વિચાર આવ્યો, પણ પછી દૂધનું વાસણ લઇને ગૌશાળા તરફ ગઇ. ગાય પાસે એણે બનાવેલા રોટલા નજરે પડ્યા. ઘીસ ખાઇને નાની એ જ સમયે ત્યાંથી ચાલી આવી. ઘરમાં આવીને દૂધનું વાસણ પટકી, આંગણાં બાંધેલા હીંચકા પર જઇને બેઠી. આંખમાંથી આંસુનું પૂર રેલાયું.

'ઓહ, તો એણે ઘડેલા રોટલા હવે ગાય જ ખાશે ?' સૌ કહેતા કે એને કુષ્ઠરોગ થયો છે. એની સારવાર માટે એટલે તો એ ચાર વર્ષ આશ્રમમાં રહી. નાનીને આશ્રમ યાદ આવ્યો. ત્યાં તો સૌની સાથે ડોક્ટર પણ એણે બનાવેલી જ રસોઇ ખાતા હતા. એણે બનાવેલી રસોઇ ખાવામાં ડોક્ટરને બાધ નહોતો પણ ઘરનાંને ?

જ્યારે એ પાછી આવતી હતી ત્યારે ડોક્ટરે કહ્યું હતું કે, 'એનો રોગ ચેપી નહોતો. એ સૌની સાથે હળીમળી રહી શકશે.' પણ અહીં તો ઘરનાં જ એનાથી અંતર રાખતા હતા ! ઊંઘ નહોતી આવતી છતાં જાતને સંભાળતી પથારી ભેગી થઇ.

રાત્રે પગરવથી એ જાગી. રામારાવ દીવો પ્રગટાવતા હતા. નાનીએ પતિ તરફ હાથ લંબાવ્યો. પત્નીનો લંબાવેલો હાથ જોઇને એણે ઝટપટ પોતાની પથારી દૂર કરી દીધી. આટલો સ્પર્શ પણ નહીં ? નાનીનાં ગળામાંથી ડૂસકું નીકળી ગયું અને એ ક્યાંય સુધી રડતી રહી. બીજી રાત્રે પણ થોડાં અંતરે પાથરેલી બે પથારીઓ નજરે આવી.

તો કાલે પણ આમ જ હતું ? એણે રામારાવની પથારી તરફ નજર કરી. એક ઘેરો, ઊંડો નિસાસો નાખીને એ પડખું ફેરવી ગઇ.

સવારે રામારાવ જાગ્યા ત્યારે જોયું કે, નાની તો એનાથી પહેલાં જાગી ગઈ હતી, પણ હતી ક્યાં?

'વીનુ...' રામારાવે બૂમ મારી. વીનુ દોડતો આવ્યો. બધા રૂમ ફરી વળ્યો. નાની એકપણ રૂમમાં નહોતી. વીનુ બહાર આવ્યો. પીપળાની નીચે ગણેશજીની મૂર્તિ પાસે દીવો પ્રગટેલો જોયો. ગણેશજીના મસ્તક પર ચંદનનો ટીકો હતો, સૂંઢ પર જસવંતીના ફૂલો હતાં.

ક્યાં ગઈ હશે ? ચારેકોર તપાસ કરી. સમાચાર મળ્યા કે, કોઇએ નાનીને અમરાવતી જતી બસમાં ચઢતી જોઇ હતી.